શ્રી વિજય કમળ
કેશર ગ્રન્થમાળા.

દેવપુષ્પ-૨.

રેખા દર્શન.

લેખક—

પંન્યાસજી મહારાજશ્રી દેવવિજયજી ગણી.

પ્રકાશક—
શા. વાડીલાલ પરશોતમ.
રાણપુર (કાઠિયાવાડ.)

સંવત ૧૯૮૦.   પ્રત ૨૦૦૦.

પ્રથમાવૃત્તિ.

મુલ્ય રૂ. ૧-૦-૦.   પોસ્ટેજ અલગ.

ગ્રન્થમાળાના બીજા પુસ્તકો.

શાન્તિનો માર્ગ દેવ–પુષ્પ ૧

આત્મજ્ઞાન પ્રવેશીકા

દેવ વિનોદ છપાય છે

યોગશાસ્ત્રનું ભાષાંતર „

મહાબલ મલયાસુંદરી „

સુદર્શના સમળી વિહાર „

પુસ્તકો મળવાનું ઠેકાણું.

વ્યવસ્થાપક —

વર્ધમાન એન્ડ સન્સ,

પાયધુની, ટ્રામ જંકશન, મુંબાઈ નં ૩.

શ્રીકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં ગતિલાલ હરજીવન પટેલે છાપ્યું.
નં ૯, અનંતવાડી, મુંબાઈ ૨

સમર્પણ.

પૂજ્યપાદ અનેક સદ્દગુણ સંપન્ન પરમ શાંત મુતિ, યોગનિષ્ઠ વડિલ ગુરૂબંધુ શ્રીમાન્ પન્યાસજી મહારાજશ્રી કેશરવિજયજી ગણિ.

આપશ્રીના સરળ હૃદય, શાત સ્વભાવ, ઉચ્ચ અને પવિત્ર જીવનથી આપશ્રીનુ જીવન અનુકરણીય છે, પ્રવૃતિમય જગ-તુમા નિવૃત્તિમય જીદગી પ્રસાર કરવા અહોનિશ પ્રયત્ન કરી રહ્યા છો યોગ જેવા ગહન વિષયમા બનતો પ્રવેશ કરી અપૂર્વ આનદ મેળવી અનેક જીવોને અપૂર્વ લાભ આપવા રાત દિવસ પ્રયત્ન કરી રહ્યા છો, તેમજ મારા ઉપર અત્યત લાગણીથી ન્યાય, સિદ્ધાત, કાવ્ય વિગેરે અભ્યાસમા વધારો કરવા અને યોગ વિષયમા પ્રવેશ કરવા રાત દિવસ પ્રેરણા કરી જે અનહદ ઉપકાર કરેલ છે, તે લાગણીને વશ થઇને આપશ્રીના અનેક સદ્દગુણો તથા કૃપાના સ્મારક તરીકે આપ-શ્રીના ચરણુમાં આ અલ્પ ભેટ સમર્પણ કરી મારા આત્માને કૃતાર્થ માનું છું

લી. લઘુ બધુ,

દેવવિજયજી

પંન્યાસજી શ્રી કેશરવિજયજી ગણિ કૃત પુસ્તકો.

આત્મજ્ઞાન પ્રવેશીકા		રૂ ૦–૩–૦
શાન્તિનો માર્ગ		૦–૮–૦
યોગશાસ્ત્ર	ચોથી આવૃતિ છપાય છે.	
પ્રબોધ ચિંતામણી	બીજી ,, ,,	
મલયાસુન્દરી	ચોથી ,, ,,	
રાજકુમારી સુદર્શના યાને સમળી વિહાર	ત્રીજી ,, ,,	
શ્રી નીતિવાક્યામૃત	બીજી ,, ,,	
નીતિમય જીવન	,, ,, ,,	
સમ્યગદર્શન	,, ,, ,,	
ગૃહસ્થ ધર્મ	,, ,, ,,	
ધ્યાન દીપીકા	,, ,, ,,	
દશ વૈકાલીક સૂત્ર ભાષાતર	,, ,, ,,	

પંન્યાસજી શ્રી દેવવિજયજી કૃત પુસ્તકો.

દેવભક્તિમાળા		રૂ ૧–૪–૦
દેવવિનોદ		,, ૧–૦–૦
અનુયોગદ્વાર સુત્ર સંક્ષેપ, ભાષાતર	આવૃતિ બીજી છપાય છે.	
પ્રકરણ પુષ્પમાળા ભાષાતર	,, ,, ,,	

લખોઃ—વર્ધમાન એન્ડ સન્સ,
પાયધુની ટ્રામ જંકશન, મુંબઇ નં ૩

પં. મા. શ્રી કેશરવિજયજી ગણિનું જીવન ચરિત્ર

ગઝલ

સુણો જૈન બંધુઓ મારા, ગુરૂના વર્ણનો સારા,
સુભોદય થાશે તમારા, વિજય કેશર ગુરૂ નમીએ
સૌરાષ્ટ્ર દેશ તે કહીએ, વીશા શ્રીમાલી કૂલ લહીએ,
નગર પાલીયાદમા રહીએ, વિજય કેશર ગુરૂ નમીએ
સંવત ઓગણીશ શત ધારો, ઉપર તેત્રીશ વિચારો,
ગુરૂનો જન્મ છે સારો, વિજય કેશર ગુરૂ નમીએ
માધવજીભાઇ છે તાત, લક્ષ્મીબાઇ છે ભલા માત,
કેશવજી નામ પ્રખ્યાત, વિજય કેશર ગુરૂ નમીએ
અનુક્રમે બાળ વય જાયે, ભણી વિદ્વાન તે થાયે,
અસાર સંસાર જણાએ, વિજય કેશર ગુરૂ નમીએ
ગુરૂ વર્ષ સોલના થાતાં, પિતા માત સ્વર્ગમા જતા,
વિયોગી થાય ષટ્ ભ્રાતા, વિજય કેશગ ગુરૂ નમીએ
સપ્ત દશ વર્ષના થાએ, બરોડા શહેરમા આએ,
લીધી દીક્ષા દુખો જાએ, વિજય કેશર ગુરૂ નમીએ
કમલ સૂરિ ગુરૂ રાયા, પટોધર શિષ્ય કહાય,
ગણિ પંન્યાસ પદ પયા, વિજય કેશર ગુરૂ નમીએ
વિજય કેશર ગુરૂ જ્ઞાની, વિજય કેશર ગુરૂ ધ્યાની,
એવે મુખલાલ મન માની, વિજય કેશગ ગુરૂ નમીએ

કેટલાક દુહા.

લંબી ભુજા વિચિત્ર નર, છોટો ભુજકો દાસ,
હોય સુશીલ સોહાવનો, નહિ સ્તુતિ વો પ્રકાસ,
લંબી ભુજા જોદ્દાહિની, સુરૂમા બડા સુજાન,
બાયેં ભુજા લંબી રહૈ, મહા કાયર પહિચાન
યા નરકે કર દેખીએ, ફણાકારસો હોઇ,
ધન સંગ્રહ ભોગી સુખી, વહ જાનો સબ કોઇ
યા નરકે કર દેખીએ, પત્રાકારસો હોય,
રાજા ભોગ સો નર કરે, યહ જાનો સબ કોય.
યા નરકે કર દેખીએ, મંડલાકારસો હોય,
નિત્ય ગુલામી સો કરે, વહ જાનો સબ કોય
લાલ નખ જો પુરૂપકો, ભોગી સુખકી ખાન,
પુત્રવાન, ધનવાન ગૃહ, ઔર હોય સનમાન
નખ કાળો જા પુરૂષકો, વાકે હોય કુસિલ,
મહા દુખી સો જાનીએ, સબસે રહે દુદીલ
શ્વેતો નખ જો પુરૂષકો, બડો દુખી વહ કોઇ,
જ્વર પીડા વ્યાપે સદા, સુખી ન હોવે સોઇ
પીતવર્ણ નળ પુરૂષકો, સો પરદેશ કરાઇ,
નહિ ઘરબારમે રહે, ચિંતાકે વશ થાઇ
લાલ નયન નખપુરૂષકો, તેજવંત સો હોઇ,
મહા સુખી સો જાનીએ, શુભ લક્ષણ સબકોઇ

પ્રસ્તાવના.

—— ० ——

મનુષ્યોમા ભવિષ્ય જાણવાની ઇચ્છા સ્વભાવિકજ હોય છે, આત્મા પૂર્ણ છે તે પોતાના પૂર્ણ સ્વભાવને યાદ કરે તેમા નવાઇ જેવુ નથી શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા થવાથી પૂર્ણતા પ્રગટે છે, તે અતીન્દ્રિય જ્ઞાન કહેવાય છે, તે શિવાય જે શાસ્ત્રાદિના જ્ઞાનથી ભવિષ્ય જાણવાનો પ્રયત્ન કરાય છે તે ઇન્દ્રિયજન્ય જ્ઞાન છે, અને તેનો મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનમા સમાવેશ થાય છે.

આત્માના નિરાવરણ જ્ઞાનના અભાવે આવા મતિશ્રુતજન્ય જ્ઞાનથી પણ આ કાળમા લોકોને વ્યવહારૂ રીતે ભવિષ્ય જ્ઞાનનો બોધ મળે છે. આ પુસ્તકનો ઉદ્દેશ, નિરાવરણ જ્ઞાનના અભાવે વર્તમાન કાળમા ભવિષ્ય જ્ઞાન સબધી કેટલીક માહીતી આપવી, અને આત્મજ્ઞાનમા વિશેષ પુરૂષાર્થ કરનારને ભૂત ભવિષ્ય અને વર્તમાનકાળ સબધી પણ જ્ઞાન થઈ શકવુ શક્ય છે, તે સૂચવવુ તે છે

આ જ્ઞાનને કથન કરનારા જૈન શાસ્ત્રોમા અનેક ગ્રન્થો છે, તે પૈકી મુખ્ય ગ્રન્થ **अंग विज्जा पयन्नो** છે, તેને સૂત્રોની ગણતરીમા ગણવામા આવેલ છે સૂત્રો ખાસ પ્રમાણભૂત ગણાય છે તેમા અષ્ટાગ નિમિત્તનો સમાવેશ થાય છે આ અષ્ટાગ નીમિત્તના બળથી ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળનુ કેટલુ જ્ઞાન થાય છે. ભગવાન મહાવીર

સ્વામીથી અલગ પડી ગએલ ગૌશાલક નામનો શિષ્ય અષ્ટાગ નિમિ-ત્તના બળથી પોતાને સર્વજ્ઞ માનતો અને મનાવતો હતો, અને પાર્શ્વનાથ પ્રભુના પરિવારના પણ કેટલાક સાધુઓ આ અષ્ટાગ નિમિ-ત્તને જાણુતા હતા ગૌશાલકે આ જ્ઞાન તેઓ પાસેથી મેળવ્યુ હતુ

અ ગસ્ફુરણ ૧ સ્વપ્નશાસ્ત્ર ૨ સ્વરશાસ્ત્ર. ૩ ભૂકપ. ૪ ઉત્પાત. ૫ અતરિક્ષ ૬ વ્યજન ૭ અને લક્ષણશાસ્ત્ર. ૮ આ અષ્ટાગ નિમિત્ત કહેવાય છે

૧ શરીરના કોઇપિણ ભાગના અવયવો ફરકવાથી લાભ હાનીને સૂચવનાર બાબતને અગસ્ફુરણ કહે છે

૨ સારા માઠા સ્વપ્નના સારા માઠા ફળને બતાવનાર શાસ્ત્ર તે સ્વપ્નશાસ્ત્ર કહેવાય છે

૩ પશુ પક્ષીઓના શબ્દો તથા ઇડા, પીંગલા, સુષુમ્ણામા વહેતા શ્વાસના શુભાશુભ ફળને સૂચવનાર શાસ્ત્ર તે સ્વરશાસ્ત્ર કહેવાય છે

૪ અમુક સયોગોને લઇ ધરતીકપ થાય છે, અને તે ધરતી-કપનું પરિણામ કેવુ આવે છે, આ હકીકતને જણાવનાર ભૂકપ નિમિત્ત છે

૫ અગ્નિની વૃષ્ટિ, કેવળ અધકારનુ દિવસે પણ ફેલાવુ, પ્રચડ વાયુનો ઉત્પાત, અકાળે વૃક્ષોનુ ફળવુ, આકાશમા દેવતાનો અટહાસ્ય, વિરૂદ્ધ જાતિના જાનવરોનો સયોગ, અને જગલના પ્રાણીયોનો ગામમા પ્રવેશ ઇત્યાદિ ઉત્પાત્તના નિમિત્તને જણાવનાર ઉત્પાત્ત અગ છે

૬ ધૂમકેતુ પૂછડીયા તારાનો દેખાવ, દિશાઓનું બળવુ, વિગે-રેના પરિણામોને સુચવનાર તે અતરિક્ષ નિમિત્ત છે

૭ સ્ત્રી પુરૂષોના અંગમા મસા, તલ, રાતા કે કાળા લાખા વિગેરે ઉપરથી શુભાશુભ પરિણામોને સૂચવનાર હકીકતોવાળા અંગને વ્યંજન નિમિત્ત કહે છે

૮ હાથપગની રેખાઓ, મુખની આકૃતિ અને મસ્તિષ્ક ઉપરથી તેના ભવિષ્યનો નિશ્ચય કરવો તે લક્ષણ અંગ છે

આ આઠે બાબતોને સૂચવનાર શાસ્ત્રને અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્ર કહે છે

આ રેખાદર્શન ગ્રંથમા આઠમા લક્ષણ અંગનો વિસ્તાર બતાવવામા આવ્યો છે

આ હકીકતને જણાવનારા ગ્રન્થો અંગવિજ્જા, સામુદ્રિક શાસ્ત્ર, હસ્તસંજીવની, વિવેકવિલાસ, કલ્પસૂત્ર, તથા શ્રીચંદ્રકેવલી ચારિત્રમાનો અમુક ભાગ, આ રેખાદર્શનના પુસ્તકમા લીધેલ છે આવા ગ્રન્થોથી આયુષ્યનુ જ્ઞાન, ધન, સ્ત્રી, પુત્ર, પુત્રી, સંપત્તિ, વિપત્તિ, સંયોગ, વિયોગ, માન, અપમાન, અધિકાર, ઉદય, અસ્ત, વિદ્યા, ખ્યાતિ, શત્રુ, મિત્ર, ધીર, ભીરૂ, સુખ, દુ:ખ અને આત્મજ્ઞાન આદિની પ્રાપ્તિ થશે કે નહિ થાય, ઇત્યાદિનુ જ્ઞાન મનુષ્યને થાય છે

ખરાબ ભવિષ્યને સૂચવનારી રેખાઓ જોઇને, મનુષ્યોએ ગભરાવુ નહિ, તેમજ હીંમત પણ ન હારવી, કેમકે આ રેખાઓમા પણ સુધારો કે બગાડો થઈ શકે છે રેખાઓ વધી શકે છે, અને ઘટી પણ શકે છે.

આ રેખાદર્શનથી પોતાનુ ભવિષ્ય જાણનારને એક એ ફાયદો થાય છે કે નબળી રેખાને પલટાવવા માટે તેણે ઘણી લાગણી અને પરના પુરૂષાર્થથી પરમાત્માના માર્ગ તરફ પ્રયત્ન કરવો, તેથી નબળી રેખા ઘટી જાય છે, અને શુભ સૂચવનારી સારી નવી રેખાઓ વૃદ્ધિ પામે છે આજ પ્રમાણે સારી રેખાઓને દેખીને જો મનુષ્ય વિષય, કષાય કે પ્રમાદમા પડી જાય તો તે રેખાઓ બદલાઈ જઇને મનુષ્ય તે સ્થિતિમાથી નીચો પડે છે માટે આ રેખાદર્શન શાસ્ત્ર, સપત્તિમા જાગૃતિ રખાવનાર, અને વિપત્તિમા ધીરજ આપી સારા પુરૂપાર્થમા પ્રેરણા કરનાર, એમ બન્ને રીતે ઉપયોગી છે

મને આવા શાસ્ત્રો તરફ સ્વભાવિક પ્રેમ હોવાથી આ વિષયને લગતા અનેક શાસ્ત્રો વાચીને મે તેનો સગ્રહ કર્યો હતો તે આ પુસ્તકરૂપે સમાજની આગળ મુકુ છુ

વિવેકી સજ્જનો આ પુસ્તકનો બન્ને રીતે લાભ લઈ શકે તેમ છે એક તો રેખાઓ પોતાનુ ઉજળુ ભવિષ્ય સૂચવે તો દરેક પ્રસગે જાગૃતિ રાખવી, કે જો હુ આ સસારની મોહજાળમા ફસાઈ જઇશ તો આ રેખાઓ બદલાઈ જશે, અને આ સ્થિતિમાથી હુ નીચો પડીશ, જો રેખાઓ પોતાનુ ભાવિ ખરાબ સૂચન કરે તો આત્મ માર્ગ તરફ પ્રબળ પુરૂષાર્થ કરીને તેવા નબળા ભાવીને તોડી નાખવુ અને ભાવીને સુધારી લેવુ આમ બન્ને રીતે આ પુસ્તકથી લાભ મેળવી શકાય તેમ છે

રેખાઓનુ જ્ઞાન સાચુ છે, પણ તે ઘણી બારીકાઈથી તપાસવાન છે, દેખીનુ કોઈ જન્મ [illegible] [illegible] [illegible] તે મનુષ્યના [illegible]

દુખી જોવામા આવે તો બીજુ તેવુજ કોઈ નબળુ બળવાન લક્ષણ તેનામા પડેલુ હોય છે, તે ઘણી બારીકાઇથી તપાસતા દેખાઈ આવે છે આજ પ્રમાણે કોઈ નબળુ લક્ષણ પ્રત્યક્ષ જણાતુ હોય છતા તે સુખી જણાય તો સમજવુ કે કોઈ બીજુ ગુપ્ત પ્રબળ સારૂ લક્ષણ તેનામા આવેલુ હોય છે આ ગ્રન્થના વાચકોને છેવટમા એટલી સૂચના કરવાની છે કે આ રેખાઓ ઉપરથી કોઈના છીદ્રો ન જોતા ઉપર જણાવ્યા પ્રમાણે પોતાનુ ભાગ્ય સુધારવા અને જાગૃતિ રાખવા પ્રયત્ન કરવો, અને તેમ કરી આ મારો પ્રથમ પ્રયાસ સફળ કરવો,

આ પુસ્તક **રાણપુરવાળા શેઠશ્રી વાડીલાલ પરૂષોતમના** સદ્ગત્ ધર્મપત્નિ બ્હેન **કસ્તુરબાઇના** સ્મરણાર્થે તેમના પતિ તરફથી છપાવવામા આવેલ છે યોગ્ય સાધુ સા ધ્વીઓને તથા લાયબ્રેરી અને જાહેર સસ્થાઓને ભેટ આપવામા આવશે બીજાઓ પાસેથી કીંમત લેવામા આવશે તેમાથી ઉપજેલી કીંમતનો બીજી આવૃતિ છપાવવામા ઉપયોગ કરવામા આવશે શાતિ, શાતિ, શાતિ

સવત ૧૯૮૦ ના માગશર શુદ ૧૧

લી. પંન્યાસ દેવવિજયજીગણી.

મુબઈ

કેટલાક દુહા.

એક ચક્ર વાચાલ બખાને, દુઇ ચક્ર ગુણવંત બહુ જાને,
તીન ચક્ર વાણીજય ધન હોવે, ચારિ ચક્રસો દારિદ્ર જન જોવે.
પાચ ચક્ર સર્વાંગ બિલાસા, છઠા ચક્ર રસકામ હુલાસા,
સાત ચક્ર બહુ સુખકો સાજા, આઠ ચક્ર રોગી તન કાજા
નવ ચક્ર સો રાજા કરે, દશ ચક્ર તે સિદ્ધ પગુ ધરે.
એક શંખ સુખી કરાઇ, દ્વિતીય શંખ દરિદ્રકે ભાઇ,
તૃતીય શંખસે નિર્ગુન વખાને, ચારિ શંખ તે ગુણ બહુ જાને.
પાચ શંખ તે નિર્ધન હોઈ, છઠા શંખ જાને સબ કોઇ,
સાત આદિ અરૂ અંતદશ, ઇતને શંખ જો થાય,
રાજા કહીએ દાસકો, ચલે નિશાન બજાય
એક શીપ ગુણવંત જુહોહી, દુઇ શીપ વક્તા જગમોહી,
તીન શીપ ધન સંગ્રહ કરે, ચાર શીપ યશ ગુણ બહુ ધરે
ચાર શીપ તે અધિક જો, દશ પર્યંત યદિ હોય,
રૂદ્ધિ સિદ્ધિ સો સુખ કરે, મહા પુરૂષ જગ જોય
પહુચે રેખા ઇક યદિ હોવે, રાજ્યભોગ સુખસે જગ સોવે,
રેખા પહુંચે દુઇ યદિ જાનો, વક્તા ગુની ધનવંત વખાનો
તીન રેખા પહુંચે જો દેખો, મહાસુખી કર્તા જગ લેખો,
ચારી રેખા પહુચે કે ભાઇ, બડે કષ્ટ દુખી જગ જાઇ

અનુક્રમણિકા.

પુરૂષ લક્ષણ.

સ્ત્રી લક્ષણ.

ॐ अर्हं नम
श्रीमद विजयकमलसूरिभ्यो नम

રેખા દર્શન.

श्री वर्धमानं किल वर्धमान
जिनं प्रणिपत्य गुरुं सरस्वतीं
रेखादि चिन्ह किल भवबोधक
किंचिद् ब्रुवे स्वान्य कृतेऽन्यग्रथत ॥ १ ॥

અર્થ—જ્ઞાન દર્શન ચારિત્રરૂપ અતરગ લક્ષ્મીથી દિન પ્રત્યે વૃદ્ધિ પામતા, એવા શ્રીમાન્ વર્ધમાન પ્રભુ મહાવીર દેવને, તેમજ વાણી સ્વરૂપ સરસ્વતી દેવી, તથા શ્રીમાન વિજય કમલસૂરીશ્વર ગુરૂ મહારાજને નમન કરીને, ભાવી સ્વરૂપને જણાવનાર હસ્તાદિગત રેખાદિ ચિન્હોનુ સ્વરૂપ. પૂર્વના મહાન્ આચાર્યો અનેક ગ્રંથોમા વિસ્તાર પૂર્વક જણાવી ગયેલા છે, તેને અનુસારે અનેક ગ્રથોમાથી સાર લઇને સ્વપરના ઉપકાર ખાતર કાઇક અત્રે જણાવુ છુ ॥ ૧ ॥

पूर्वे भवान्तर जनितं शुभमशुभ मिहापि लक्ष्यतेयेन,
पुरुष स्त्रीणां सद्भि, निगद्यते लक्षणं तदिह ॥ २ ॥

અર્થ—પુરૂષો તથા સ્ત્રીઓએ પૂર્વ ભવને વિષે ઉપાર્જન

કરેલ સુકૃત્ત કે દુષ્કૃત્ત, મહાન્ પુરૂષો જેના વડે અહીં પણ જાણી શકે છે, તેજ લક્ષણુ શાસ્ત્ર અત્રે કહેવામા આવે છે ॥૨॥

પ્રથમ જોવા યોગ્ય.

पूर्वमायु परीक्षेत, पश्चाल्लक्षणमादिशेत्
क्षीणायुषां नरस्त्रीणां, लक्षणै: किं प्रयोजनं ॥ ३ ॥

અર્થ—પુરૂષો તથા સ્ત્રીઓના રેખાદિ લક્ષણો જોવાની પૂર્વે પ્રથમ આયુષ્ય જોવુ જો આયુષ્ય અલ્પ હોય તો પછી તે લક્ષણો જોયાથી શો લાભ? આયુ રેખા બરોબર સપૂર્ણ, છેદાદિ વગરની હોય, આયુ લાબુ હોય, તો પછી બીજા લક્ષણો જોવા, આમા પણ પ્રથમ શરીરનુ પ્રમાણુ જોવુ, પછી બીજા શરીરના લક્ષણો જોવા, શરીરનુ પ્રમાણુ નીચે મુજબ જાણુવુ

अधमो नवति प्रोक्तो, मध्यमस्तु शतागुल
अष्टोत्तर शतंयस्तु, सोत्तम परिकीर्तित ॥ ४ ॥

અર્થ—જે માણુસનું શરીર પોતાના અંગુલથી ભરતા ૯૦) નેવું અ ગુલ પ્રમાણે થાય તે માણુસ જઘન્ય કોટીનો જાણુવો જેનુ શરીર ૧૦૦) સો અ ગુલ પ્રણાણે હોય તે મધ્યમ કોટીનો માણુસ જાણુવો, અને ઉત્તમ ભાગ્યશાલી માણુસનુ શરીર પોતાના અંગુલથી ૧૦૮) એકસોને આઠ અ ગુલ પ્રમાણે હોય છે. તીર્થંકર પ્રભુનું શરીર ૧૨૦) એકસોને વીશ

અ ગુલ પ્રમાણે હોય છે બાર અ ગુલની ઉષ્ણીકા મસ્તકની વચમાં ઉ ચાણુ ભાગ હોય છે. ॥ ૪ ॥

શરીર પ્રમાણુ જોયા પછી શરીરના બીજા લક્ષણો જોવા આ લક્ષણો જોવાનો ક્રમ આ ગ્રંથમા, પગના તળીયાથી માડી ઠેઠ મસ્તક સુધિ રાખેલ છે આ ગ્રંથમા બે ઉલ્લાસ રાખેલ છે પ્રથમ ઉલ્લાસમા પુરૂષના લક્ષણો, તથા ભેદો જણાવેલ છે. બીજા ઉલ્લાસમા સ્ત્રીઓના લક્ષણો તથા ભેદો જણાવેલ છે આ લક્ષણો જોવામા પુરૂષોએ મુખ્યત્વે કરીને પોતાનો જમણો હાથ જોવો, અને સ્ત્રીઓએ ડાબો હાથ જોવો ગૌણપણે બીજો હાથ પણુ જોવાય છે

પુરૂષ લક્ષણુ.

પગ તલીઆ.

૧ જે માણુસના પગના તલીઆ પરસેવા વગરના ગરમ, લાલ, કમળની કાન્તિ જેવા, માસથી ભરપૂર, બારીક, સ્નિગ્ધ અને સરખા હોય તે માણુસ રાજ્ય સ પદા મેળવે છે

૨ પગે ચાલવાવાળાનુ પગ તળીયુ કોમળ હોય, અને તેમાં પ્રગટ ઉર્ધ્વ રેખા હોય તો તે માણુસ પૃથ્વીપતિ થાય.

૩ જેના પગના તલીયા ખરાબ હોય તો તે માણુસ કુળ નાશક થાય પાકેલી માટી જેવા હોય તો તે બ્રહ્મ-હત્યા કરનાર થાય. લીલા હોય તો અગમ્ય સ્ત્રી સાથે ગમન કરનાર થાય અને કાળા હોય તો મદિરા પાન કરનાર થાય ધોળા હોય તો અભક્ષ ભક્ષણુ કરનાર થાય, એડી નાની હોય તો દરિદ્રી થાય, રેખા વગરના, કઠીણુ, લૂખા, ફાટેલા પગ તળીયા હોય તો તે દુ ખી થાય છે

૪ પગનુ તળીયુ વચમાં ખાલી હોય તો તે સ્ત્રીના કાર્યથી મરણુ પામે, માસ વગરનુ હોય તો રોગી થાય, ખડ-બચડુ હોય તો વાહન વગરનો થાય

૫ ભાગ્યવાન પુરૂષના પગ તળીયામા શ ખ, ચક્ર, અ કૂશ, છત્ર, વજૂ, ચ દ્ર અને ધ્વજના ચિન્હવાળી સ પૂર્ણ, અને ગ ભીર, પ્રગટ રેખા હોય છે

૬ દરિદ્રી માણુસના પગમાં ગાય, ભે સ, શિયાળ, ઉદર, કાગ, તથા ક ક પક્ષીના જેવી આકારવાળી રેખા હોય છે

અ ંગુષ્ટ.

૭ જે માણુસનો અ ગુઠો ગોળ, સર્પના ફણુાની માફક આકૃતિવાળો, ઉ ચો, માસથી ભરપૂર હોય તો તે ઉત્તમ ગણુાય છે, પર તુ નસ દેખાતી હોય, નાનો

ચપટો ચક્ર વગરનો હોય, તથા પહોળો ન હોય તો ખરાબ જાણવો

આંગળીઓ.

૮ જે માણસના પગની આગળીઓ બારીક, ગોળ, મજબુત, કોમળ અને કમળના જેવી સરળ અને ચીકણી હોય તો તે હાથીનો પતિ રાજા થાય છે

૯ જેના પગની આગળીઓ છૂટી છૂટી, ચપટી, સૂકી નાની, વાકી, ખરાબ આકારવાળી, નસ નીકળેલી હોય તો તે માણુસ દાસ બને છે

૧૦ જેના પગની પ્રદેશની (અ ગુઠા પાસેની) અ ગુઠાથી મોટી હોય તો તેને સ્ત્રીનુ સુખ મળે છે નાની હોય તો સ્ત્રીનુ મરણુ અથવા કલેશ ભોગવે છે અથવા પુત્રનુ મરણુ જણાવનાર છે

૧૧ જેના પગની મધ્યમા આગળી અ ગુઠાથી મોટી હોય તો, તેનુ કાર્ય વિનાશ પામે છે, અને પ્રમાણુથી નાની હોય તો દુ ખ મળે છે ઘણી પાસે પાસે હોય તો પુત્રોત્પતિ થોડી થાય તેમજ તેનું આયુષ્ય પણ થોડુ હોય છે

૧૨ જેના પગની અનામિકા ત્રીજી આગળી પ્રમાણુથી લાબી હોય તો તે બુદ્ધિશાળી થાય છે, પણ પ્રમાણુથી નાની હોય તો સ્ત્રી વિયોગી થાય

૧૩ જેના પગની કનીષ્ટીકા છેલી અંગુલી પ્રમાણથી મોટી હોય તો ધનવાન થાય, નાની હોય તો વ્યભિચારી થાય

૧૪ જે માણસના પગની કનીષ્ટિકા અંગુલી પ્રદેશીની કરતા જાડી હોય તો તેની માતા નાનપણમાંજ મૃત્યુ પામે છે

નખ.

૧૫ જેના પગના નખો નીર્મળ, લાલ, ઉંચા બારીક કાન્તિવાળા અને સૂક્ષ્મ હોય તો તેને સુખ પ્રાપ્ત થાય છે

૧૬ જેના પગના નખો જાડા, ફાટેલ, સૂપડા જેવા, લાબા, ધોળા, કાન્તિ રહિત અને શ્યામ હોય તો તે દરિદ્રી થાય છે

એડી.

૧૭ જે માણસના પગની એડી માસથી પુષ્ટ હોય ચીકણી, કોમળ, ગુપ્ત નસો, કોમળ રોમ તથા પરસેવાથી રહિત હોય તથા કાચબાના પીઠની માફક ઊંચી હોય તો તે શ્રેષ્ટ જાણવી.

૧૮ જેના પગની એડી કમળની માફક નરમ ગોળાકાર હોય તો તેને સ્ત્રી તથા લક્ષ્મી નાશ પામતી નથી

૧૯ જેના પગની એડી સરખી હોય તો તે સુખી થાય, મોટી હોય તો દીર્ઘાયુ થાય, નાની હોય તો અલ્પાયુ થાય, ઉંચી હોય તો વિજયી થાય છે

સાથળ.

૨૦ જે પુરૂષના સાથળ માસવાળા, કેળના જેવા કોમળ રોમ યુક્ત હોય તો તે પ્રાયે રાજા થાય છે.

૨૧ જેના સાથળ સ્નિગ્ધ, મૃદુ, ક્રમે કરી પુષ્ટ હોય તો તે લક્ષ્મીવાન્ થાય છે સાથળ પોહોળા હોય તો સ્ત્રી વલ્લભ થાય છે

કેડ.

૨૨ જે માણુસની કેડ લાંબી, પહોળી, અને પુષ્ટ હોય તો તે ધનવાન થાય, અને સિંહની કેડ સમાન કેડ હોય તો તે રાજા થાય છે.

૨૩ જેની કેડ રોમવાળી હોય તો તે દરિદ્રી થાય, નાની હોય તો દુર્ભગ તથા કુરૂપ થાય છે

લિંગ.

૨૪ જેનુ લિંગ નાનુ હોય તો તે ધનાઢય થાય છે નસ નીકલેલ હોય તો પુત્ર વગરનો થાય છે, અથવા અલ્પ સંતતિ થાય છે, લિંગનો દક્ષિણુ ભાગ નમેલ હોય તો પુત્ર થાય, અને ડાબી બાજુ નમેલ હોય તો પુત્રી થાય છે.

વીર્ય.

૨૫ જે માણસનુ વીર્ય પુષ્પના ગંધસમાન હોય તો રાજા થાય મદીરાના ગંધ જેવુ હોય તો યજ્ઞ કરનાર થાય મધના જેવા ગંધથી ધનવાન થાય માછલાના જેવા ગંધથી સુખી તથા ધનવાન થાય છે.

૨૬ વીર્યની ગંધ સુગંધી દ્રવ્ય જેવી હોય તો લક્ષ્મીવાન થાય, બીજા ખરાબ દ્રવ્યના ગંધ જેવી વાસ હોય તો દરીદ્ર થાય છે, લાખના જેવી ગંધ હોય તો પુત્રીવાળો થાય, માસના જેવી ગંધથી નિર્ધન થાય છે

૨૭ જેનુ વીર્ય જાબુના રંગ જેવુ હોય તો તે સુખી થાય, દૂધના જેવો વર્ણ હોય તો રાજા થાય, ધુમાડાના રંગ જેવું હોય તો દુખી થાય, શ્યામ વર્ણ જેવો રંગ હોય તો દુખથી ભરપુર થાય છે

૨૮ જેનુ વીર્ય સ્નિગ્ધ, ચીકાશદાર, શીઘ્ર છૂટે તો તે લાબી આયુષ્ય વાલો, સંપદા તથા પુત્રોને ઉત્પન્ન કરનાર થાય

૨૯ લાબો વખત મૈથુન કરવા છતા જેનુ વીર્ય છૂટે નહી તે દરિદ્રી અલ્પાયુ અને પુત્રીઓને પેદા કરનાર થાય છે

મુત્ર.

૩૦ રાજાનું મૂત્ર એક ધારવાળુ અને શબ્દ રહિત હોય, દરિદ્રીનુ મૂત્ર શરૂઆતમા બે ધારા તથા શબ્દ વગરનું, અને પછી અનેક ધારાવાળું હોય છે

રૂધીર.

૩૧ જેના શરીરમા રૂધીર લાલ પ્રવાલ જેવુ તથા સ્નીગ્ધ હોય તો તે રાજા થાય, કમલ જેવું લાલ હોય તો પણ રાજા થાય છે

૩૨ મધ્યમ પુરૂષનુ રૂધીર કાઇક લીલુ તથા કાઇકિ લાલ હોય છે, અધમ પુરૂષનુ રૂધીર કાઇક કાળુ તથા કાઇક લાલ હોય છે

નાભી.

૩૩ જે પુરૂષની નાભી પોહોલી, ઉચી, ગભીર, ઇડાની આકૃતિ જેવી, દક્ષિણાવર્તવાળી હોય તો તે સુખ બુદ્ધિ તથા ધન આપનાર થાય છે

૩૪ જેની નાભી કમળ પત્રના જેવી ચક્રાકાર વાળી હોય તો તે માણુસ ઘણા દ્રવ્ય સહિત સમુદ્ર પર્યંત પૃથ્વીનો રાજા થાય

કુક્ષી.

૩૫ નાની બગલ વાળો રાજા થાય, સરખી બગલવાલો શુરવીર તથા ભોગી, ઉંચી બગલવાળો ધનહીન, ઉંચી તથા નીચી બગલ વાળો કપટી હોય છે

૩૬ જેની બગલ ઉંડી હોય તે ઉંચેથી પડનાર થાય, જેની બગલ ઉંચી હોય તો તે સ્ત્રીની આજીવીકાથી જીવે છે

૩૭ જેના બગલના બને પાસા માસથી ભરપુર હોય, તથા દક્ષિણાવર્ત રોમવાળી, મૃદુ, ગોલ, હોય તો તે રાજા થાય છે

પેટ.

૩૮ જે માણુસનુ પેટ બધી તરફ સરખુ હોય તે ધનવાન થાય, સિંહના જેવુ પેટ હોય તો ચક્રવર્તી રાજા થાય છે

૩૯ બકરાના જેવું પેટ હોય તો રાજા થાય, બળદના જેવુ પેટ હોય તો વ્યભિચારી થાય, ગોળ પેટ વાળો સુખી થાય, માછલા તથા વાઘના જેવા પેટવાલા માણુસો ભાગ્યવાન થાય છે

પેટનાં વળીયા.

૪૦ જેના પેટ ઉપર મધ્યમાં વિષમ વલીયા (૧-૩-૫) હોય તો તે દરીદ્રી તથા શુલ રોગ વાલો થાય,

નીચેના ભાગમાં ઉંચાનીચાં ખડિત વલીયા હોય તો દુ ખ કરે, ડાબી બાજુ નમેલી વલય હોય તો મૂર્ખ ઠરે છે

૪૧ જેના પેટ ઉપર ૧-૨-૩-૪ વળીયા હોય તો તે અનુક્રમે ૧ થી શસ્ત્રથી મરણ, ૨ થી સ્ત્રી ભોગ, ૩ થી આચાર્ય પદ, ૪ થી અનેક પુત્ર વાળો થાય છે.

૪૨ જેને પેટ ઉપર વલય એક પણ ન હોય તો તે રાજા થાય તથા સુખી થાય પરન્તુ પરસ્ત્રી સાથે આસક્ત થાય, સરલ વલય વાલો પાપી તથા પરસ્ત્રી ગમન કરનાર થાય.

છાતી.

૪૩ જેની છાતી ઉંચી, માસ યુક્ત, સુંદર હોય તો તે રાજા થાય, પહોળી છાતીવાલો ધનવાન, દીર્ઘાયુ થાય

૪૪ જેની છાતી મોટી, નસો રહીત, ગધેડાના રોમ જેવી હોય તથા કંપ સહીત હોય તો તો તે દરિદ્રી થાય.

સ્તન.

૪૫ જેના સ્તન ગોલ, સ્નિગ્ધ, કોમલ, સરખા હોય તો તે સુખી થાય, પણ વિષમ કઠોર અને ભયાનક હોય તો દુ ખી થાય.

૪૬ જેના સ્તન બને માંસ યુક્ત હોય તો તે રાજા થાય, પુષ્ટ મોટા હોય તો સુખી, પણ ઉંચા નીચા લાબા હોય તો ધન રહિત થાય છે.

હાથ.

૪૭ જેના હાથ ચમકદાર, પરસેવા વિનાના, માંસથી ભરપુર, છીદ્ર રહિત, લાલ. કામ કર્યા વગર ઉષ્ણ, તથા મોટી આગુલીવાલા હોય તો તે રાજા થાય

૪૮ પહોલો, લાલ નખવાલો, કપિના હાથ જેવા હાથવાલો' માણુસ ધનવાન બને વાઘની માફક લૂખો, માસ વગરનો હાથ હોય તો દરીદ્રી થાય છે

હસ્તરેખા.

૪૯ જે માણુસના હાથમા સપૂર્ણ રેખા પડી હોય તો તે માણુસને લક્ષ્મી છોડતી નથી, ધન, કાચન, રત્નવાળો થાય તથા તેને સ્રી છોડતી નથી

૫૦ જેની હથેલી ગોલ તથા નીચી હોય તે ધનવાન હોય. ઉંચી હથેલીવાલો દાનેશ્વરી થાય, નીચી હથેલીથી પિતાના ધનથી રહિત હોય, હથેલી ઊચી નીચી હોય તો નિર્ધન થાય.

૫૧ લાલ હથેલીવાલો ધનવાન હોય, પીલી હથેલીવાલો અગમ્ય સ્રી સાથે ગમન કરે ધોલી તથા કાલી

હથેલી નિર્ધનતાને સૂચવે છે, લીલી હથેલીવાલો મદીરા પીનાર થાય

પર જેના હાથમા ઘણી રેખા અથવા અલ્પ રેખા હોય તો તે અલ્પાયુ દુ ખી, દરીદ્રી, થાય

હસ્તરેખા જોવાની રીત.

પ૩ જે પુરૂષ ૧૦૮ આગળ ઉચો હોય તે ઉત્તમ, ૯૬ આગળ હોય તે મધ્યમ, ૯૦ આગળવાળો કનીષ્ટ કહેવાય છે પુરૂષનો જમણો હાથ તથા સ્રીનો ડાબો હાથ જોવાય છે રેખાને અનુસાર જીવીત મરણ લાભ તથા નુકશાનની ખબર પડે છે

પ૪ જેના હાથમા છેદ વિનાની ગભીર પૂર્ણ લાલ, કમળ જેવી મૃદુ, અંદર ગોળ, સ્નિગ્ધ રેખા હોય તો તે ઉત્તમ સમજવી

પપ મધની માફક પીળી રેખાથી સુખી થાય લાલ રેખાથી દાની તથા ગભીર થાય, પાતલી રેખાથી બુદ્ધિવાન મૂળથી સંપૂર્ણ રેખા પૂરી હોય તો સુંદર તથા રૂપ-વાન થાય

પ૬ જેના હાથમા રેખાઓ ફેલાયેલ, તૂટેલ, ઊંચી, નીચી, ફાટેલ, લુખી, વિખરાએલ, કાળા રગની હોય તો તે અશુભ સમજવી.

૫૭ પાંદડાની માફક ફેલાએલ રેખાથી દુખી થાય છે. છેદાએલી રેખાથી જીવીત સંદેહવાળુ હોય, ઉંચી નીચી રેખાથી ધન નાશ, ખરબચડી રેખાથી ખરાબ ભોજન પ્રાપ્ત થાય.

ગોત્ર, દ્રવ્ય, આયુઃ રેખા.

૫૮ હાથના મૂળમાથી નીકળેલ ત્રણ રેખા અંગુઠા તથા તર્જની અગુલીની મધ્યમા સંપૂર્ણ જાય તો ગોત્ર, દ્રવ્ય, તથા આયુષ્ય સંપુર્ણ હોય

૫૯ ફાટી તુટી રેખા હોય તો કુળ, ધન, આયુષ્ય, અલ્પ હોય, લામી તથા ખોડખાપણ વિનાની રેખાથી બહુ સંતાન, ઘણુ દ્રવ્ય, તથા પૂર્ણ આયુષ્યવાન થાય છે

૬૦ જે પુરૂષના મણીબધથી (પોચાથી) નીકળેલ ઉર્ધ્વ રેખા પ્રદેશીની અગુલીના મૂળ સુધી બરાબર જાય તો બહોળા કુટુબવાળો થાય

૬૧ નાની રેખાથી વશ (કુટુબ) નાનો હોય, તુટીપુટી વીખરાએલી રેખાથી વશ વીખરાએલ હોય, ટુકી રેખાથી તૂટક વશ હોય.

૬૨ જે માણુસની કનીષ્ટા અંગુલીની નીચેની રેખા, જેષ્ટા અગુલીને ઓળગી જાય તો ૭૫ ઉપરાત જીવીત

હોય, તે રેખા છેદાયેલ ન હોવી જોઇએ આ રેખાને આયુષ્ય રેખા કહે છે

૬૩ જેની આયુષ્ય રેખા છેદાએલ ભેદાએલ હોય તો તે અલ્પ આયુષ્યવાળો સમજવો, પૂર્ણ હોય તો પૂર્ણાયુષ્ય.

૬૪ આયુષ્ય રેખામાં જેટલા છેદો હોય તેટલી ઘાતો જાણવી કનીષ્ટા આગળીના મૂળથી નીકળેલી રેખા તર્જની સુધી જાય તો દરેક આંગુલીએ ૨૫–૨૫ વરસ આયુષ્ય સમજવુ

ઉર્ધ્વ રેખા.

૬૫ મણીબધથી નીકળેલ ઉર્ધ્વ રેખા અગુષ્ટ ને તર્જની મધ્યે જાય તો ઋદ્ધિ તથા જ્ઞાન સારૂ જાણવુ તેજ રેખા અગુષ્ટ પર્યંત જાય તો રાજાનો રાજા અથવા મત્રીપદ મળે

૬૬ તેજ રેખા મધ્યમા અગુલી પાસે જાય તો રાજા, સેનાપતિ, અથવા આચાર્ય બનાવે છે

૬૭ જેની ઉર્ધ્વ રેખા અનામીકા સુધી જાય તો સાર્થવાહ, ધની, અથવા પુરોહીત થાય છે

૬૮ કનીષ્ટીકા અગુલીના મૂળ સુધી જાય તો શ્રેષ્ટી ધનવાન તથા યશવાળો થાય

૬૯ જેની ઉર્ધ્વ રેખા, છેદેલી તૂટેલી ન હોય ને લાબી હોય, પલવ વગરની હોય તો હજાર માણસોનો પોષક થાય

૭૦ આ ઉર્ધ્વ રેખા બ્રાહ્મણને હોય તો વેદપાઠી, ક્ષત્રીને હોય તો રાજા, વૈશ્યને ધન આપનાર, શુદ્રને સુખકર્તા છે

૭૧ જેની ધન રેખામા કાકપદની માફક ચિન્હ હોય તો ધન એકઠુ કરે પણ ખર્ચી નાખે છે

મણીબધ જવમાલા

૭૨ જેના હાથના મણીબધમા ત્રણ જવમાલા હોય તે સાર્વભોમ રાજા અથવા ધનપતિ થાય છે બે વલયવાળી જવ પક્તિ હોય તો રાજા અથવા મત્રી, એક પક્તિ હોય તો મોટો ધનવાન થાય છે

૭૩ ત્રણ વલયવાળી જવની પક્તિ બને બાજુએ હાથના પૃષ્ટને ઢાકી દે તો ઉપરના કરતા અધિક ફળ પ્રાપ્ત કરે

૭૪ જવમાળા પૂર્ણ હોય તો પૂર્ણ ફળ, મધ્યમે મધ્યમ અને થોડી હોય તો થોડી સપત્તિ મળે છે.

ધર્મ રેખા

૭૫ આયુષ્ય રેખામાથી નીકળતી ઝીણી ઉર્ધ્વ રેખા અગુલીઓના મૂળમા જાય તો તે ધર્મમા રક્ત થાય છે

૭૬ સર્વ આગળીના પર્વોની નીચે પ્રગટ રેખા હોય તથા જવ હોય તો તે રાજા અથવા પૂજનીય થાય છે.

૭૭ કનીષ્ટા આગુલી અને આયુષ્ય રેખાની મધ્યમા જેટલી રેખા તેટલી સ્રીઓ હોય અને સ્રીને તેટલા પુરૂષ થાય

૭૭ આ રેખા વિષમ હોય એટલે નાની મોટી હોય અથવા કાઇકિ થોડી, કાઇકિ બહુ હોય તો સ્રી વિષમ હોય, રેખા દીર્ઘ હોય તો સારી સ્રી મળે, પાતળી તથા નાની રેખા હોય તો કુચાલવાળી સ્રી મળે

પુત્ર, પુત્રી, ભાઇ બેહેનની રેખા.

૭૯ અ ગુષ્ટાના મૂળમા જેટલી મોટી રેખા હોય તેટલા પુત્ર થાય, નાની રેખા હોય તેટલી પુત્રી થાય હસ્ત સ જી-વની ગ્રન્થમા આ રેખાને ભાઇ બેહેનની રેખા કહે છે

૮૦ આયુષ્ય રેખાનુ મૂળ તથા મણીબ ધ આ બેની વચમા જેટલી મોટી રેખા હોય તેટલા ભાઇઓ થાય, પાતલી રેખા હોય તેટલી બેહેનો થાય, હસ્તસ જીવન ગ્રન્થમા આ રેખાને પુત્ર પુત્રીની રેખા કહે છે

જવ.

૮૧ જેના અ ગુષ્ટાના મૂલમા જવ હોય તો તે પુત્રવાળો તથા જ્ઞાનવાળો થાય, અને અ ગુષ્ટાના મધ્યમા જવ હોય તો ધન ક ચન અને રત્નને ભોગવનાર થાય છે

૮૨ જેના અગુઠાના મૂલમા ત્રણ પરિક્ષેપ વાલી જવમાળા હોય તો તે હાથીની સમૃદ્ધિવાલો રાજા થાય, અગર મંત્રી થાય

૮૩ બે પરિક્ષેપ વાળી જવમાલા હોય તો રાજાનો મત્રી થાય એક પરિક્ષેપવાલી જવમાળાથી ધનવાન થાય છે

અગુઠો.

૮૪ જેના અગુઠાના નીચેના ભાગમા કાકપદનુ ચિન્હ હોય તો, પાછલી અવસ્થામા શૂળ રોગથી મરણ પામે છે

૮૫ જેના હાથમા રેખા સ્વચ્છ ન હોય, તુટેલ તથા પાતળી હોય તો તેની પાસે લક્ષ્મી રહેતી નથી

૮૬ ધનવાન માણસનો અગુઠો, સરલ, સ્નિગ્ધ, ઉચો, ગોલ, દક્ષિણાવર્તવાલો હોય છે, તેમજ કઠિણ તથા પર્વ બરાબર હોય છે

આંગુલીઓ.

૮૭ ભાગ્યવાન તથા બુદ્ધિશાળી માણસોની આગુલીયો મળેલી હોય છે, તથા દીર્ઘઆયુષ્યવાલાની આગુલી સરલ તથા દીર્ઘ હોય છે.

૮૮ જેની કનીષ્ટા અગુલી, (સર્વથી નાની) અનામીકા અંગુલીના બીજા (વેઢા) ને ઉલઘી જાય તો તે માણસ પ્રાયે કરી ધનવાન હોય છે.

૮૯ લાંબી આગુલીવાલો માણુસ દીર્ઘાયુ થાય, પર્વ લાંબા હોય તો શૌભાગ્યવાન થાય, વિરલ કુટિલ તથા શુષ્ક અગુલીથી ધનહીન થાય છે

૯૦ દરિદ્ર માણુસની આગુલી જાડી હોય, શસ્ત્રો ગ્રહણ કરનાર માણુસની આગુલી બહારથી નમેલી હોય છે ટુકી તથા ચપટી આગુલીવાલો ચાકર થાય છે

૯૧ જેના હાથની આગલીઓ સંખ્યાહીન તથા અધિક હોય તો તે ધન ધાન્યથી હીન તથા અલ્પાયુષ્યવાળો થાય

ભાગ્યોદય

૯૨ જે માણુસની ચારે આગુલીઓ ભેગી કરવાથી કનીષ્ટા અગુલીમા છીદ્ર હોય તો વૃદ્ધાવસ્થામા સુખ મળે, અનામીકામા છીદ્ર હોય તો યુવાવસ્થામા સુખ મલે, મધ્યમામા તથા પ્રદેશીનીમા છીદ્ર હાય તો બાલ્યાવસ્થામા સુખ પ્રાપ્ત થાય.

નખ

૯૩ જે રાજા થવાનો હોય તેના નખ લાલ, બારીક કાચબાની માફક ઉન્નત, સ્નિગ્ધ, શિખાવાલા, વિસ્તારવાલા અને પર્વ કરતા અર્ધ હોય છે

૯૪ દીર્ઘ, વળેલા, લુખા, ધોળા, શીખાહીન, તેજ રહિત, નખવાળો પુરૂષ ધન ધાન્ય રહિત બને છે.

૯૫ પુષ્પ યુક્ત નખવાલો દુશિલ, ધોળા નખવાલો સાધુ, ફોતરા જેવા નખવાલો નપુંસક, ચીપટા, તૂટેલા, ફાટેલા, નખવાલો દરિદ્રી થાય છે.

૯૬ ડાબા તથા જમણા હાથ પગના નખોમાં ધોલા બીંદુ હોય તો શ્રેષ્ટ છે, આ ભોજ રાજાનો મત છે.

૯૭ કાચબાની પીઠ જેવા નખવાલો રાજા થાય, ઘોડાની પીઠ જેવા નખવાલો ભોગી, સિંહની પીઠ જેવા નખવાલો માસણુ ધન સંપત્તિ, અને સેનાનો નાયક બને છે

ગ્રીવા

૯૮ નાની ડોકવાલો શ્રેષ્ટ, ગોલ ડોક હોય તો સુખી, ધની, સુંદર થાય છે કંબુના જેવી ગ્રીવાવાલો રાજા થાય, મોટી ડોકવાલો સારી વાતનો નાશક થાય છે

૯૯ પાડા જેવી ગ્રીવા વાલો શુરવીર, લાબી ગ્રીવા વાલો બહુ ભોજી, વક્ર ગ્રીવા વાલો ચાડીયો થાય છે

૧૦૦ ખર તથા ઉંટ જેવી ડોક વાલો દુઃખી હોય, બગલા જેવી ડોક વાલો દાંભિક થાય, ને ચપટી ગ્રીવા હોય તો ધનહીન થાય

હડપચી.

૧૦૧ પુણ્યવાન માણસની હડપચી ગોલ, માંસથી ભરપુર,

નાની, તથા મૃદુ હોય છે, દુર્બળ, દીર્ઘ, જાડી હડપચી દરિદ્રી માણુસને હોય છે.

ગાલ.

૧૦૨ ઉંચા ગાલવાળો માણુસ સુખી, માસયુક્ત ગાલવાળો સંપૂર્ણ ભોગી, સિંહ તથા હાથીના જેવા ગાલવાળો માણુસ રાજા થાય

૧૦૩ જેના ગાલ નીચા, માસ વગરના, અલ્પ મૂછો તથા રોમ વાળા હોય તો, તે પાપી, દુખી, ભાગ્યહીન તથા દાસ થાય છે

મુખ

૧૦૪ જેનુ મુખ ગોળ, સૂક્ષ્મ, સ્નીગ્ધ, સૌમ્ય, સરખું, સુગંધી હાથી તથા સિંહ સમાન હોય તો રાજા થાય, સંપૂર્ણ ભોગી પણ તેજ પ્રમાણે હોય તો બને છે

૧૦૫. જેનુ મુખ માતાના મુખ જેવુ હોય તો તે ભાગ્યવાન બને છે

૧૦૬ પોહોળુ મુખ દુર્ભાગી માણુસનું હોય છે, સંતાન રહિતનુ મુખ સ્ત્રીના મુખ જેવુ હોય છે, ચોરસ મુખ ધુર્તનુ હોય છે, નાનુ મુખ કૃપણતા સૂચવે છે.

૧૦૭ પાપીનુ મુખ ભયકર હોય છે, નીચુ તથા વાંકુ મુખ

પુત્ર રાહતનું હોય, લાબુ મુખ ધન રહીતનુ હોય, ગોળ મુખવાળો ભાગ્યશાળી થાય

૧૦૮ ગધેડા, ઉંટ, વાઘ, તથા વાદરાના જેવા મુખવાળા માણુસો દુર્ભાગી થાય, વાકુ, વિકારવાળુ, શુષ્ક તથા ઘોડાના જેવા મુખવાળા માણુસો દરિદ્રી થાય

હોઠ

૧૦૯ બીંબ નામનુ લાલ ફળ થાય છે તેના જેવા હોઠવાળો માણુસ ધનાઢય, ગુલાબના જેવા હોઠવાળો બુદ્ધિવાન, પરવાળા જેવા હોઠવાળો માણુસ પ્રાયે રાજા થાય

૧૧૦ જે માણુસના ઉપર નીચેના હોઠ, બે આગુલ પ્રમાણુના, સુકુમાળ, પાલેશ, મૃદુ, સ્નીગ્ધ હોય તો તે પ્રાયે કરી ધનવાન થાય છે

૧૧૧ પુષ્ટ હોઠવાળો સુદર હોય, લાબા હોઠવાળો ભોગી હોય, ઉંચા નીચા હોઠવાળો ભીરૂ હોય, નાના હોઠવાળો દુખી હોય છે

૧૧૨ લુખા પાતળા, વિવર્ણ, ફુટેલા, ખંડિત તથા જાડા હોઠવાળો ધન સુખથી હીન હોય તથા દાસ થાય છે

દાંત.

૧૧૩ જેના દાત કુદની કળી જેવા હોય, અગર લાલ હોય,

મજબુત, સ્નીગ્ધ, બારીક, તથા તેજસ્વી દાઢા યુક્ત હોય તો તે માણસ ધનવાન બને છે

૧૧૪ હાથી તથા ગધેડાના દાત જેવા દાતવાળો માણસ ધન-વાન હોય છે વાદરા તથા રીછના દાત જેવા દાતવાળો માણસ દરિદ્રી હોય, ભય કર દેખાવવાળા તથા છુટા બે પંક્તિવાળા, કાળા, ઉંચા, નીચા તથા લુખા દાતવાળો માણસ નીંદનીય થાય છે

૧૧૫ દાત બરાબર ૩૨ હોય તો રાજા થાય, ૩૧ દાતવાળો ભોગી, ૩૦ દાતવાળો અલ્પધની, ૨૮ દાતવાળો સુખી હોય, ૨૯ દાતવાળો દરિદ્રી દુ ખી હોય, ઉપર નીચે ગમે તે દાત ઓછા હોય તો તે દુ ખી થાય છે

૧૧૬ બાળકને બાર માસની અદર નીચેના ૨ બે દાંત નીકળે તો તે શુભ છે, પણ ઉપરના બે દાંત નીકળે તો તે અશુભ છે તેમજ જન્મતાની સાથેજ દાત નીકળે તો અશુભ છે ચાણ્યકનીતિ ગ્રથમા જન્મની સાથે દાત હોય તો રાજા થાય તેમ જણાવેલ છે

જીભ.

૧૧૭ જે માણુસની જીભ લાલ હોય, લાબી, બારીક, મૃદુ, પાતળી હોય તો તે મીષ્ટાન્ન ખાનાર થાય છે, અથવા વેદ જાણુનાર થાય છે

૧૧૮ જેની જીભ આગલા ભાગમાં સાંકડી, ચીકણી, લાલ કમળના પાંદડા જેવી, ને જાડી પોહોળી હોય તો તે રાજા થાય છે

૧૧૯ ધોળી જીભવાળો આચારભ્રષ્ટ થાય છે, કાળી જીભવાળો ધનહીન, કાબરચીત્રી જીભવાળો પાપી થાય છે.

૧૨૦ જેની જીભ સૂક્ષ્મ, લુખી, પરૂષ, જાડી, સરખી, પોહોળી, મળ સહિત પીળી હોય તો તે માણુસ મૂર્ખ અને દુ ખી થાય છે

તાળવુ.

૧૨૧ કમળના જેવા લાલ તાળવાવાળો માણુસ રાજા થાય, ધોળા તાળવાવાળો ધનવાન, હાથીના જેવા તાળવાવાળો માણુસ મ ડલાધીશ રાજા થાય છે

૧૨૨ લુખુ, ચિત્ર વિચિત્ર, પરૂષ, મળ સહિત, તાળવા વાળો માણુસ સારો નહી, કાળા તાલવાવાળો માણુસ કુલ નાશ કરે છે, નીલ તાળવા વાળો દુ ખી અને લાલ તાળવા-વાલો ગુણવાન હોય.

નાક.

૧૨૩ જેનુ નાક ચાર. આગુલ પ્રમાણે લાબુ' હોય, મોટા સ પુટ, અ દર નાના છીદ્ર હોય, ઘણુ મોટુ, તથા ઘણુ નાનુ ન હોય તે લાબા આયુષ્ય વાલો થાય છે

૧૨૪ ઉંચી નાશિકા વાલો સારી ચાલનો હોય, હાથીના જેવી નાશિકા વાલો સુખી તથા ધનવાન હોય, સરલ નાશિકાવાલો ભોગી, સુકી નાશીકા વાલો લાબા આયુષ્ય વાલો હોય છે

૧૨૫ તલના પુષ્પ તથા શુકની સમાન નાસિકા વાલો રાજા થાય, આગલા ભાગમા જરા વાકી નાસિકા વાલો ધનવાન, નાની નાસિકા વાલો શીલધર્મ વાલો થાય.

૧૨૬ અનુક્રમે વિસ્તાર વાલી તથા ઉંચી નાસિકા વાલો રાજા હોય, દરિદ્રી માણુસની નાસિકા ઘણી લાબી તથા ઘણી નાની હોય છે

૧૨૭ સંકોચવાલી નાસિકા વાલો ચોર થાય. ચીપટી નાસિકા વાલાની સ્રીનું મૃત્યુ થાય, કાપેલ નાસિકાવાલો માણુસ પરસ્રી લંપટ થાય

ચક્ષુ.

૧૨૮ જે પુરૂષના નેત્રો નિર્મળ, નીલસ્ફટિક જેવા તથા લાલ, કાઇક ચીકણા, ચમકદાર, કાળા, તથા છોટા હોય તો તે ધનવાન થાય

૧૨૯ હડતાલના રંગ જેવા નેત્રવાલો પુરૂષ ચક્રવર્તિ થાય, નીલ કમલના જેવા નેત્રવાલો માણુસ માની તથા વિદ્વાન થાય છે

૧૩૦ લાખના રંગ જેવા નેત્રવાલો માણુસ રાજા થાય, મોતીના જેવા સફેદ નેત્રવાલો શાસ્ત્રવેતા થાય, મધ તથા સોનાના જેવા પીલા નેત્રવાલો ઘણો ધનવાન થાય

૧૩૧ હાથીના જેવા નેત્ર વાલો સેનાપતિ થાય, લાંબી આખ-વાલો માણુસ લાબા આયુષ્યવાલો થાય, પ્રોહોળી આખ-વાલો ભોગી, પારેવાની જેવી આખવાલો કામી થાય

૧૩૨ સુક્ષ્મ નેત્રવાલો માણુસ સુંદર થાય, સ્નીગ્ધ નેત્રવાલો મોટો ભોગી, મોટા નેત્રવાલો બુદ્ધિવાન, દીનદૃષ્ટી વાલો ધનહિન થાય

૧૩૩ નકુલ તથા મોરના જેવી આખવાલો મધ્યમ પુરૂષ થાય, દેડકા, કાગડા તથા ઘુસરના રંગ જેવી આખવાલો માણુસ અધમ થાય.

૧૩૪ ધૂમાડા જેવી આખવાલો માણુસ દીર્ઘાયુ, ઉંચી આખ-વાલો અલ્પજીવી, સ્તબ્ધ તથા ગોલ આખવાલો માણુસ બાળક અવસ્થામા મરણુ પામે છે

૧૩૫ સરલ મનવાલો માણુસ સીધુ જુએ છે, પુણ્યવાનની દૃષ્ટિ ઊંચી પડે છે, પાપી માણુસ નીચે જુએ છે, ક્રોધી માણુસ વાકુ જુએ છે

૧૩૬ જેની દૃષ્ટી કારણુ વગર ફર્યાં કરે તે લક્ષ્મીહીણુ થાય છે, જેની દૃષ્ટી મલીન, રૂક્ષ હોય તો તે માણુસ પાપી જાણવો

૧૩૭ સર્પના જેવી દૃષ્ટીવાલો માણુસ રોગી થાય, બીલાડીના જેવી દૃષ્ટીવાલો સદા પાપી થાય, ભયંકર દૃષ્ટીવાલો દુષ્ટ થાય, કુકડાના જેવી દૃષ્ટીવાલો માણુસ લડાઇખોર થાય

૧૩૮ ઘુવડના જેવી દૃષ્ટીવાલો માણુસ બહુ દુષ્ટ થાય, વિષમ દૃષ્ટીવાલો દુખી હોય, હંસના જેવી દૃષ્ટીવાલો ધનહીન હોય, વાઘના જેવી દૃષ્ટી હોય તો ક્રોધી થાય

૧૩૯ અત્યન્ત કાળી તારાવાલી મનુષ્યની દૃષ્ટી નીકલી જાય છે અત્યન્ત સ્નીગ્ધ દૃષ્ટીવાલો માણુસ બુદ્ધિવાન થાય છતા આયુષ્ય અલ્પ હોય

૧૪૦ ઘણી પીળી, વિવર્ણ, ભ્રાન્ત, ચલાયમાન આખ વાલો માણુસ ખરાબ હોય, બહુહીણુ, લાલ, લુખા, જળવાલા, મળવાલા નેત્રવાલો માણુસ દરિદ્રી થાય છે

પાપણુ.

૧૪૧ જે માણુસની પાપણુ દૃઢ, કાળી, ચક્ષુના છેદ પાસે રહેલ હોય, ઘન તથા બારીક હોય તો તે મનુષ્ય શૌભાગ્યપણું, દીર્ઘઆયુષ્ય અને ધનવાન થાય છે.

૧૪૨ છુટી છુટી, પીળી, જાડી, વિવર્ણ પાપણુવાળો માણુસ અધમ થાય છે પાપણુના કેશ રહિત માણુસ પાપી પરદારા રક્ત થાય છે

નિમેષ

૧૪૩ નિમેષ વગરનો અથવા એક માત્રા નિમેષવાળો પુરૂષ ઇષ્ટ વસ્તુ રહિત થાય, બે માત્રા નિમેષવાળો બીજાના આશ્રય નીચે રહેનાર થાય છે

૧૪૪ ત્રણ તથા ચાર નિમેષવાળો માણુસ ધનવાન થાય, પરંતુ પાંચ માત્રા નિમેષવાળો માણુસ દીર્ઘજીવી, ધની, તથા ભોગી ન થાય નિમેષ એટલે આંખની પલક મારવી તે

૧૪૫ થોડીવારમા નેત્રની પલક મારનાર અલ્પાયુ, મધ્યમ વાર લાગે તો મધ્યમ આયુ, લાંબી વાર લાગે તો દીર્ઘાયુવાળો માણુસ થાય

માત્રાકાળ.

૧૪૬ હાથ જાનુને પ્રદક્ષિણા કરી ગળાને પકડે તેટલા વખતને માત્રા કહે છે

ભમર

૧૪૭ બાલચંદ્ર જેવી દીર્ઘ, પોહોળી, ઉન્નત, શ્યામ, નાસિકાના અંતથી નીકળેલ એવી ભમર ઘણા ધનને આપે છે

૧૪૮ જેની બંને ભમર મળેલ ન હોય, સ્નીગ્ધ હોય, બારીક વાળથી યુક્ત હોય, તે શ્રેષ્ટ ગણાય છે, પરંતુ પ્રમાણહીન, જાડી, સુક્ષ્મ, ખડબચડી, પીળા રોમવાળી ભમર દરિદ્રીને હોય છે

૧૪૯ બહુ દુખી માણુસની ભમરનો ભાગ અંતનો નાનો હોય છે, મધ્યમા નમેલો ભમરનો ભાગ પરસ્ત્રી રક્ત માણુસનો હોય, ઘણો નમેલો ભમરનો ભાગ હોય તો તે અલ્પાયુ જાણવો, દરિદ્રી માણુસનો ભમરનો ભાગ ઉચો નીચો હોય છે

૧૫૦ સ્વચ્છ ને ઉચી ભમરવાળા માણુસો ધનવાન તથા સંતાનવાન થાય છે, પરંતુ નીચી ભમરવાળા દ્રવ્ય, સુખ, તથા સંતાન રહિત થાય છે

કાન.

૧૫૧ મોટા વાળવાળા કાનવાળો માણુસ દીર્ઘાયુ થાય, અતિ પુષ્ટ કાનવાળો માણુસ ભોગી, તથા મનુષ્યનો નાયક થાય છે.

૧૫૨ નાના કાનવાળો દરિદ્રી થાય, માસ રહિત કાનવાળો પુરૂષ પાપથી મરણ પામે, લાંબી નસોવાળો, તથા કુટિલ કાનવાળો માણુસ ક્રુર થાય છે

કપાળ.

૧૫૩ જેનુ કપાળ પહોળુ, ઉચું, અથવા અર્ધચંદ્રાકાર જેવું હોય તો તે રાજા થાય, છીપના જેવુ ચમકદાર તથા વિશાળ કપાળવાળો માણુસ આચાર્ય થાય છે

૧૫૪ નાના કપાળવાળો માણુસ ધર્મ તત્પર હોય, વિષમ તથા આચ્છાદીત કપાળવાળો ધનહીણુ થાય, નીચા કપાળ-વાળો માણુસ વધ બ ધનને પામે તથા ક્રુર કર્મી થાય.

૧૫૫ જેના કપાળમા તીર્છી પાચ રેખા હોય તો તે સો વર્ષ જીવે તથા લક્ષ્મી તેનુ દાસપણુ કરે છે ચાર રેખા-વાળો માણુસ રાજા થાય, ને ૮૦ એસી વર્ષ જીવે, ત્રણુ રેખાવાળો ૭૦, બે રેખાવાળો ૬૦, અને એક રેખા-વાળો ૪૦ વર્ષ જીવે, બીજા ગ્રન્થોમા જેટલી રેખા તેટલા વીશ વીશ વર્ષ ગણુવા કહે છે'

૧૫૬ જેના કપાળમા રેખા ન હોય તે માણુસ ૫૦ વર્ષ જીવે છે, છતા તેને જલદી સપત્તિ મળે છે ભદ્રબાહુ સહિતામા રેખા વિનાનો માણુસ ૧૦૦ વર્ષ જીવે છે, એમ જણુાવેલ છે

૧૫૭ જે માણુસના કપાળમા તીર્છી ત્રણુ રેખા હોય તો તે ૧૦૦ વર્ષ જીવે છે, ચાર રેખાવાળો ૯૫ વર્ષ જીવે એમ પણુ બીજા ગ્રથોમા કહેલ છે.

૧૫૮ જો તીર્છી બે રેખા કપાળમા વાળ સુધી જાય તો ૮૦ વર્ષ જીવે, અનેક રેખા હોય તો ૯૦ વર્ષનું આયુષ્ય થાય

૧૫૯ જેના કપાળમા તીર્છી પાચ રેખા આગળના ભાગમા

હોય તો ૭૦ અથવા ૬૦ વર્ષ જીવે, ઘણી રેખા હોય તો ૫૦, તુટેલ પાચ રેખા હોય તો ૪૦ વર્ષ જીવે

૧૬૦ બને ભમર ઉપર રેખા હોય તો ૩૦ વર્ષ જીવે, પણ તે વાકી હોય તો માત્ર ૨૦ વીશ વર્ષ જીવે.

૧૬૧ જેના કપાળમા તુટી ફુટી રેખા હોય તો પરદારા લંપટ થાય, તેમજ કપાળમા નાની રેખા હોય તો અલ્પ આયુષ્યવાળો થાય.

૧૬૨ જેના કપાળમા રેખાવડે શ્રીવત્સ, તથા ધનુષ્યાદિ ચિન્હ પડેલ હોય તો તે જલદી રાજા અગર ભોગી થાય.

મસ્તક

૧૬૩ હાથીના જેવા મસ્તકવાળો માણસ ઘણી ગાયોવાળો રાજા થાય, સરખા મસ્તકવાળો ભોગી થાય છે, ક્રમથી ઉંચા મસ્તકવાળો રાજા થાય છે.

૧૬૪ જેનુ મસ્તક છત્રાકાર, અગર સ્ત્રીના સ્તન સમાન હોય તો તે સાર્વભોમ રાજા થાય, નીચુ મસ્તક હોય તો સામાન્ય રાજા થાય છે.

૧૬૫ ઉચુ નીચું મસ્તક દરિદ્રીનુ હોય છે, લાબા આયુષ્ય-વાળાનુ મસ્તક ખોપરી જેવુ હોય છે, દુખી મનુ-ષ્યનુ મસ્તક લાબુ ઘણુ હોય છે માતા-પિતા માર-નારનુ માથુ ચીપટુ હોય છે

૧૬૬ એ મસ્તકવાળો દરિદ્રી થાય છે, માછલીના જેવા મસ્તકવાળો દુ ખી તથા પાપી થાય, ઘડાના જેવા મસ્તકવાળો અધમની સાથે સોબત કરનાર થાય છે કઠણ તથા નમેલા માથાવાળો નીંદનીય થાય છે

કેશ.

૧૬૭ રાજાના કેશ નહીં તુટેલ, ચીકણા, સરળ, મૃદુ, સમાન પાતળા, ઘણા લાબા નહિ, પણ વળદાર હોય છે

૧૬૮ દરિદ્રીના કેશ ઉંચા, લુખા, બુરા, વિષમ, બરસઠ, આગળના ભાગમા તુટેલ, ઘણા મોટા, તથા ઘણા નાના, વાકા, મળેલા તથા જુદા જુદા વીખરાયેલા હોય છે

શરીર

૧૬૯ જે પુરૂષ કે સ્રીનું શરીર માસ રહિત, પાતલુ, કઠોર, નસો દેખાતી હોય, તો તે ખરાબ જાણવું.

૧૭૦ પ્રથમ આયુષ્યનો નિર્ણય કરવો તે વગર લક્ષણ જુઠા પડે છે.

૧૭૧ જેનુ માસ, હાડ, સ ધી–બ ધન શીથીલ ન હોય, મજબુત હોય તો તે માણસ ભાગ્યશાળી ને દીર્ઘાયુષ્યવાળો થાય છે

૧૭૨ જે માણુસનુ શરીર મજબુત બાધાનુ ન હોય, લુખુ' માસ રહિત, મોટી મોટી નસો દેખાય, ઢીલા મોટા હાડ હોય તો તે દુઃખી થાય છે

પ્રકૃતિ.

૧૭૩ સાત્વીક પ્રકૃતિનો માણુસ દયાળુ, સત્યવક્તા, સ્થિર, સરલ, દેવગુરૂભક્ત, દુ ખ સુખમા પણ ધૈર્યવાન હોય છે

૧૭૪ રાજસી પ્રકૃતિવાળો માણુસ કાવ્ય બનાવવામા પ્રવીણ, કુલવ ત સ્ત્રીમા રક્ત, પ્રાયે કરીને શુરવીર હોય છે.

૧૭૫ તામસી પ્રકૃતિવાળો માણુસ મૂર્ખ, નીદ્રાળુ, આળસુ, ને ક્રોધી હોય છે

૧૭૬ હાથ, પગ, કાન, મસ્તક, સ્ક ધ, છાતી, પેટ, કપાળ આ બધા જેના મોટા હોય તો તે પૂજનીય થાય છે.

૧૭૭ લાલ ચક્ષુવાળા માણુસને લક્ષ્મી છોડતી નથી, લાબી ભુજાવાળાને અધિશ્વરપણુ મળે છે પુષ્ટ શરીરવાળાને ખેતીનો ધ ધો હોય, માસથી પુષ્ટ માણુસને સોભાગ્ય-પણુ મળે છે.

ચિન્હ.

૧૭૮ પુરૂષના જમણા ભાગમા તલ, મસો, કે બીજું કાંઈ ચિન્હ હોય, તો તે શ્રેષ્ઠ ગણાય છે.

પુરૂષ ભેદ.

૧૭૯ કામશાસ્ત્રમા, સશક, વૃષભ, અને હય, આ પ્રમાણે ત્રણ પ્રકારના પુરૂષ કહ્યા છે, છ થી આઠ આગુલ પ્રમાણુ ઈન્દ્રિયવાળાને શશક પુરૂષ કહે છે, નવ દશ અને અગિયાર આગળની ઈદ્રિયવાળાને વૃષભ કહે છે, બાર તેર આગળની ઈદ્રિયવાળાને હય પુરૂષ કહે છે આ મુજબ સ્ત્રીઓ પણ ત્રણ પ્રકારની કહેલ છે સમાન અ ગુલની યોનીવાળી સ્ત્રી સાથે જો પુરૂષ લગ્ન કરે તો આન દ આપનાર થાય છે.

હસ્ત સ'જીવની ગ્રથના આધારે.

૧૮૦ પુરૂષનો જમણો હાથ ને સ્ત્રીનો ડાબો હાથ જોવાય છે, જમણા હાથના લક્ષણુથી સ પૂર્ણ ફળ મળે છે, ડાબા હાથના લક્ષણુથી કાઇક ઓછુ ફળ મળે છે

૧૮૧ જે પુરૂષનો જન્મ અ ધારા પક્ષમા થયો હોય તો તેના ડાબા હાથના લક્ષણ જમણા હાથના જેવાજ ફળ આપે છે, માટે તેનો ડાબો હાથ જોવો આથી કરી જમણો હાથ તથા ડાબો હાથ બન્ને ઉપયોગી જોવામા છે

૧૮૨ હરકોઇ સ્ત્રી પુરૂષના હાથમા આયુષ્ય રેખા, વૈભવરેખા, અને પીતૃ રેખાં, આ મુજબ ત્રણ રેખા હોય છે.

૧૮૩ ટચલી આગળીની નીચે કરભથી આયુષ્ય રેખા નીકલે છે, અને તર્જની સુધી જાય છે. આયુષ્ય રેખાની નીચે બીજી કરભના મૂળથી વિભવ રેખા નીકળે છે,

તેને માતૃ રેખા પણ કહે છે. ત્રીજી મણીબંધ પોહોચાથી પિતૃ રેખા નીકળે છે, આને જશ કે ગોત્ર રેખા પણ કહે છે.

૧૮૪ આયુ રેખા જેટલી આગળી ઓળગી જાય તેટલી પચીશી આયુષ્ય જાણવુ આયુષ્ય રેખામાથી નીકળેલી પલ્લવ રેખા એટલે ઝીણી બારીક રેખા જેટલી આગુલી તરફ જાય તેટલી ઘાત કે વિપદા ભોગવે છે, જેટલી ઝીણી રેખા મણીબધ તરપ્ફ જાય તેટલી સપત્તિ કે સુખ મળે છે.

૧૮૫ જે માણસની વિભવ રેખા અખડ વેધ રહિત લાબી હોય તો તે માણસ ખાનદાની વાળો તથા પ્રતાપી પુરૂષ થાય છે

૧૮૬ આ વિભવ રેખામાથી નીકળેલ જેટલી પલ્લવ રેખા આગલી તરફ જાય તેટલા તેને શત્રુ થાય છે, જેટલી પલ્લવ રેખા અગુઠા તરફ જાય તેટલા તેને મદદગાર મિત્રો થાય છે

૧૮૭ અનામિકા અગુલીના મૂળથી કનિષ્ટા અગુલીનુ મૂળ કાઈક નીચુ હોય તો તે બુદ્ધિમાન થાય છે, તેવીજ રીતે મધ્યમા કરતા તર્જની આગુલીનુ મૂળ નીચુ હોય તો તે બુદ્ધિવાન તથા ઉપદેશક થાય છે

૧૮૮ અનામિકા અગુલીની નીચે અને આયુ રેખા ઉપર

જેટલી ઉભી તથા આડી રેખા હોય તે પ્રમાણે તે ધર્મ, તથા શાસ્ત્ર જાણકાર થાય છે.

૧૮૯ કનીષ્ટા આગુલી નીચે અને આયુ રેખા ઉપર જેટલી ઉભી રેખા હોય, તેટલુ સુખ પ્રાપ્ત થાય છે.

૧૯૦ અનામિકા અંગુલીના નીચેના પર્વમા જેટલી આડી રેખા હોય તે પ્રમાણે ઠકુરાઈ મળે અને ઉભી રેખા હોય તે પ્રમાણે ધર્મ શ્રદ્ધા પુષ્ટ હોય

૧૯૧ મધ્યમા અગુલીના નીચેના પર્વમાં જેટલી આડી તથા ઉભી રેખા હોય, તે પ્રમાણે ઠકુરાઇ તથા ધર્મ શ્રદ્ધા ઓછી જાણવી

૧૯૨ અગુઠાની નીચે તથા પિતૃ રેખાની સામે જેટલી આડી રેખા હોય તે પ્રમાણે આરામ શાન્તિ મેળવે છે

૧૯૩ કનીષ્ટા અગુલીની નીચેના બે પર્વમા ઉર્ધ્વરેખા હોય તો સારી જાણવી.

૧૯૪ ડાબા હાથમા પિતૃરેખા જેની નિર્દોષ હોય, તે દેવ-ગતિમાથી આવેલ છે એમ સમજવું

૧૯૫ ડાબા હાથમા વિભવ રેખા નિર્દોષ હોય, તે મનુષ્ય ગતિમાથી આવેલ છે એમ જાણવુ.

૧૯૬ ડાબા હાથની આયુષ્ય રેખા જેની નિર્દોષ હોય, તે

અધોગતિ—નરક કે તિર્યંચગતિ ભોગવીને આવ્યો છે, એમ સમજવુ

૧૯૭ જમણા હાથમા પિતૃરેખા જેની સ્પષ્ટ હોય, તો તે દેવલોકમા જવાનો છે તેમ જાણવુ.

૧૯૮ જમણા હાથમા વિભવ રેખા સ્પષ્ટ હોય, તો તે મનુષ્ય ગતિમા જશે અને આયુષ્ય રેખા સ્પષ્ટ હોય, તો તે તિર્યંચ્ગતિમા જશે એમ સમજવુ'

૧૯૯ જે પુરૂષના ડાબા હાથમા, આયુષ્ય રેખાની ઉપર અને કનિષ્ટા અ ગુલી નીચે સ્રી રેખા હોય છે, અને તે રેખાના આગલા ભાગમા દીક્ષા રેખા હોય છે આ બે રેખામા જે અખ ડ અને નિર્દોષ સ્પષ્ટ હોય તે ફળને આપે છે.

૨૦૦ સ્રીના જમણા હાથમા આયુષ્ય રેખા ઉપર તથા કનિષ્ટા અ'ગુલીના મુળમા પતિ રેખા હોય છે, અને તેના અગ્રભાગમા દીક્ષા રેખા હોય છે આ બેમા જે સ્પષ્ટ તથા નિર્દોષ હોય તે ફળ આપે છે બીજી રેખા બીજી રીતે જ્ઞાનાદિકમા મદદ કરે છે

૨૦૧ પુરૂષના ડાબા હાથમા કનિષ્ટા અ'ગુલી તથા આયુષ્ય રેખા આ બેના વચમા રાજ્ય રેખા હોય છે, તેનાથી દીક્ષાધર્મ, તથા આબરૂનો વિચાર કરાય છે

૨૦૨ જે પુરૂષના ડાબા હાથમા આયુષ્ય રેખા અખ ડ તથા

નિર્દોષ હોય તો તેને પોતાની સ્ત્રીની સાથે પ્યાર સારો રહે છે.

૨૦૩ ડાબા હાથની ચારે આગુલીઓના વચલા પર્વમા જેટલી ઉભી રેખા તેટલા દુશ્મન હોય, જમણા હાથની ચારે આગલીઓના વચલા પર્વમા જેટલી ઉભી રેખા હોય તેટલા મિત્ર થાય

૨૦૪ હથેલીમા ઘણા લક્ષણોમાથી એકાદ સ્પષ્ટ, સારૂં, અગર ખરાબ હોય તો તે ઉમર સુધી સારૂ અગર ખોટુ ફળ આપે છે

૨૦૫ જે પુરૂષના ડાબા હાથમા વિભવ રેખા અખડ, નિર્દોષ, લાબી હોય તો તે મન ઇચ્છિત ભોગ મેળવે છે

૨૦૬ જે માણસના મણીબધથી નીકળેલ ઉર્ધ્વરેખા અગુઠાના મુળમા જાય તો તેને રાજ્ય તરફથી લાભ મળે છે તેજ ઉર્ધ્વરેખા તર્જનીને મળે તો રાજા, અગર દીવાન થય, તેજ ઉર્ધ્વરેખા મધ્યમાને જઇને મળે તો આચાર્ય અથવા સેનાપતિ થાય છે અને અનામિકાના મુળ સુધી જાય તો તે ધનવાન તેમજ ઘણા માણસનો પાલન કરનાર થાય, તેમજ કનીષ્ટાના મુળમા મળે તો ઘણો આબરૂદાર તથા પૈસાપાત્ર બને છે

૨૦૭ જે માણસના મણીબધ–પોચામા ત્રણ આડી જવના આકારવાળી રેખા પડી હોય, તો તે પ્રતાપી થાય,

તેમજ પાછળના ભાગમા પણ ત્રણ રેખા પડી હોય તો તે પ્રતાપી રાજા થાય બે જવ રેખા હોય તો દીવાન થાય, અને એક જવ રેખા હોય તો સામાન્ય સુખકારક છે

૨૦૮ જે માણુસના જમણા હાથના અંગુઠાના મધ્યભાગમા જવનો આકાર હોય તો તે માણુસ પૈસાદાર બને છે, તેમજ અંગુઠાના પાછલા ભાગમા જવનો આકાર હોય તો તે સદા સુખી થાય છે

૨૦૯ જે માણુસની અનામિકા અગુલીના છેલ્લા પર્વ કરતા કનીષ્ટા મોટી હોય તો તે પૈસાદાર બને છે પર્વથી કનીષ્ટા નાની હોય તો પૈસાની જરા તગી રહે છે

૨૧૦ જે માણુસના જમણા પગમા ૯ આગુલ પ્રમાણ લાબી ઉર્ધ્વ રેખા પડી હોય, તો તે નિશ્ચે કરી રાજા થાય, અગર નિર્ગ્રંથ મુનિ બને છે

૨૧૧ જે માણુસના પગમાં વજ્ર, હળ, કમળનું ચિન્હ હોય તો તે રાજા થાય, અગર મુનિ થાય, પગમા ચક્ર હોય તો મહાભાગ્યવાન બને છે

૨૧૨ જે માણુસના પગના અગુઠામા, અગર આગળીઓમા જવનુ ચિન્હ હોય તો તે પદવીધર બને છે

૨૧૩ જે માણુસનુ વીર્ય વજનદાર હોય તે પ્રતાપી અગર પંડિત થાય, જેનું વીર્ય જલદી પડે તે લાબા આયુ-ષ્યવાળો થાય છે

૨૧૪ જે માણુસના કપાલમા એક અગર બે રેખા હોય, તેનુ આયુષ્ય અલ્પ હોય, ત્રણ અથવા ચાર રેખા લાબી કપાલમા હોય, તો લાબુ આયુષ્ય થાય તથા ભાગ્યવાન બને છે.

૨૧૫ જેની આખ કમળના જેવી સુદર તથા ખુણા લાલ, કીકી શ્યામ, વચમા ધોળી હોય તો તે ભોગ વિલાસી બને છે આખનો ધોળો ભાગ લાલ હોય તો તેને સ્ત્રી તરફથી આનદ રહે છે

૨૧૬ જે માણુસની આખ હાથી જેવી હોય તે સેનાપતિ થાય, કબુતર જેવી હોય તો કામી, મોરના જેવી હોય તો ન સુખી ન દુ ખી, કાગડા તથા બોકડા જેવી આખવાળો પાપી થાય, લાબી તથા ઉડી આખવાળો દીર્ઘાયુ, દીન આખવાલો નિર્ધન પાણીથી ભરી આખ વાલો દરિદ્રી, અને એક આખવાલો માયાવી થાય છે

૨૧૭ બાહ્ય લક્ષણ કરતા અભ્યન્તર લક્ષણ વાલો માણસ ઉત્તમ છે હીમત, ધીરજ, સત્વવાન પુરૂષ સર્વથી શ્રેષ્ટ છે બાહ્ય લક્ષણ સારા ન હોય તો પણ સત્વવાન પુરૂષ ઉત્તમ હોય છે.

પુરૂષના બત્રીશ લક્ષણ

૨૧૮ જે માણુસના પાચ વાના લાબા, ૪ ટુંકા, ૪ બારીક,

૪ ઉંચા, ૭ લાલ, ૩ પહોળા, ૩ ઉડા ૨ કાળા હોય તે પુરૂષ ૩૨ લક્ષણુ વાળો ગણાય છે

૨૧૯ ભુજા નેત્ર, આગુલીઓ, જીહવા, અને નાસિકા આ પાચ વાના લાબા શ્રેષ્ટ છે

૨૨૦ પીઠનો ભાગ, કંઠ, પુરૂષ ચિન્હ અને જંઘા, આ ચાર નાના સારા છે દાત, ચામડી, નખ, તથા વાળ આ ચાર વાના બારીક—સૂક્ષ્મ હોય તો સારા છે

૨૨૧ બગલ, સ્કધ, મસ્તક અને પગ આ ચાર વાના ઉંચા સારા છે

૨૨૨ હાથ પગના તળીઆ, તાળવું, નેત્રના છેડા, જીહવા, નખ, અને હોઠ આ સાત લાલ સારા છે

૨૨૩ કપાળ, મોહુ, છાતી, આ ત્રણુ પહોળા સારા છે

૨૨૪ નાભિ, સત્વ, અને સ્વર આ ત્રણુ ઉડા સારા છે

૨૨૫ આખની કીકી તથા કેશ આ બે શ્યામ સારા છે. આ મુજબ બત્રીશ લક્ષણુ જેને હોય તે બત્રીશ લક્ષણો પુરૂષ જાણવો.

૨૨૬ આખા શરિરમા મુખ શ્રેષ્ટ છે, તેમા નાસિકા શ્રેષ્ટ છે, તેમા પણુ ચક્ષુ ઉત્તમ ગણાય છે વર્ણોમા સ્નેહ શ્રેષ્ટ, સ્નેહ કરતા સ્વર ઉત્તમ, અને સ્વર કરતા સત્વ, પરાક્રમ, તે ઉત્તમ ગણાય છે

વીવેક વિલાસમાંથી લક્ષણશાસ્ત્ર.

૨૨૭ હસ્ત રેખા જોવામા પુરૂષનો જમણો હાથ અને સ્ત્રીનો ડાબો હાથ મુખ્યત્વે જોવાય છે.

૨૨૮ જે હાથ સ્પર્શ કરતા ઉષ્ણ, લાલ, પરસેવા વગરનો, માસથી ભરપૂર, કોમળ, છીદ્ર વગરનો, સ્નિગ્ધ, તથા લાબી આગળીઓવાળો હોય તે હાથ ઉત્તમ જાણવો.

૨૨૯ લાલ હથેલીથી ધનવાન, નીલવર્ણ હથેલીથી દારૂડીયો, પીળી હથેલીથી વ્યભિચારી, કાબરચીત્રી હથેલીથી દરિદ્રી થાય છે

૨૩૦ ઉચી હથેલીથી દાતાર, ઉડી હથેલીથી પીતાના દ્રવ્યથી રહીત થાય ઉંડી છતા સારી રેખા હોય તો ધનવાન, ઉચા નીચી હથેલીથી નિર્ધન માણસ બને છે

૨૩૧ જો હાથની રેખા સૂક્ષ્મ, પાતળી, સ્નિગ્ધ, સ્નેહવાળી, ગભીર, ઉડી, લાબી, મધ સરખા ભુરા રગવાળી, પાછી ન વળેલી, છીદ્ર વગરની હોય તો તે શ્રેષ્ટ જાણવી

૨૩૨ જે રેખાઓ છેદાએલી, ફાંટાવાળી, લુખી, આડી અવળી, સ્થાનભ્રષ્ટ થએલી, ખરાબ વર્ણની, વચમા તૂટેલી, કાળી, નીલવર્ણી તથા પાતળી હોય તો તે અશુભ જાણવી

૨૩૩ જે મનુષ્યના હાથની રેખા લાલ અને ઉંડી હોય તો

લક્ષ્મી મલે, મધ જેવા ભુરા રંગની રેખા હોય તો સુખ આપે, અને અખંડ છેદાએલ ન હોય તો સુખ સંપૂર્ણ પ્રાપ્ત કરે છ.

૨૩૪ ફાટાવાળી રેખા કલેશ આપે, છેદાએલી રેખા જીવનનો શંસય કરાવે, કઠણ રેખા ખરાબ સ્ત્રી આપનારી, આડી અવળી રેખાઓ વિનાશ કરનારી બને છે.

૨૩૫ મણીબંધ પાસેથી પિતૃ રેખા, કનિષ્ટા અંગુલીની નીચે કરભથી ધન તથા આયુષ્ય રેખા નીકળે છે. આ ત્રણે રેખાઓ, તર્જની અંગુલી તથા અંગુઠાના વચમા જાય છે આ ત્રણે સંપૂર્ણ રેખા હોય અને દોષ ન હોય તો તે ધણીના કુળ, ધન, અને આયુષ્ય સંપૂર્ણ હોય છે

૨૩૬ જો, રેખામા ખામી હોય તો તેટલી આયુષ્ય, ધન, અને કુલમા ખામી જાણવી.

૨૩૭ કરભથી નીકલતી આયુષ્ય રેખા, જેટલી અંગુલીઓ ઉલંઘે તેટલી પચીશીઓ આયુષ્યની જાણવી

૨૩૮ આયુષ્ય રેખામાથી જીણા ફાટા મણીબંધ તરફ જાય તે લક્ષ્મી, તથા જશને દેનારા છે, અને આગુલીઓ તરફ જે જીણા ફાટા જાય તે ઘાત, અપજશ, અને કષ્ટને દેનારા છે

૨૩૯ વિભવ રેખા તથા પિતૃ રેખા આ બન્ને જો છેડે મળી

જાય તો તેનો ગૃહ કુટુંબ સારી રીતે ચાલે, પણ જો તે મળી ન હોય તો ઘર ભગ થાય

૨૪૦ મણીબધથી ઉચે જતી રેખાને ઉર્ધ્વ રેખા કહે છે, તે પાચ પ્રકારની છે

૨૪૧ એક ઉર્ધ્વ રેખા મણીબંધથી નીકળી અગુઠા સુધી જાય છે આનાથી રાજ્ય તથા સુખ મળે છે

૨૪૨ બીજી મણીબધથી નીકળી તર્જની અગુલી સુધી જાય છે, આથી રાજ્ય ઋદ્ધિ મળે ત્રીજી મણીબંધથી નીકલી મધ્યમા અગુલી સુધી જાય છે, આનાથી આચાર્યપદ્ધિ, રાજા, અગર સેનાધિપતિ પદ મળે છે

૨૪૩ ચોથી ઉર્ધ્વ રેખા મણીબધથી નીકળી અનામીકા સુધી જાય છે, આનાથી મોટો ધનાઢય સાર્થવાહ બને છે, અને પાચમી ઉર્ધ્વરેખા કનીષ્ટા અગુલી સુધી જાય છે, આનાથી શ્રેષ્ટી સારો પ્રતિષ્ઠા વાળો બને છે

૨૪૪ કનિષ્ટા અગુલીની નીચે, આયુષ્ય રેખાની ઉપર એ બેની વચમા સ્ત્રી રેખા હોય છે જો આ રેખા સરલ, સીધી હોય તો તેને સ્ત્રી અનુકુલ સારી મળે છે, પણ વિષમ રેખા હોય તો, એટલે ઉચી નીચી રેખા હોય તો સ્ત્રી ખરાબ ચાલની મળે

૨૪૫ મણીબધ અને આયુ રેખાની વચમા જે કરભ છે તેમા

જેટલી સ્પષ્ટ મોટી રેખા તેટલા ભાઈ, અને અસ્પષ્ટ રેખા તેટલી બેનો તેને હોય છે.

૨૪૬ આ રેખાઓ જો ટુંકી અને અસ્પષ્ટ હોય તો તેટલા બેનભાઈઓ હયાત નથી, મરણ થયું જાણવું.

૨૪૭ અંગુઠાના મૂળ પાસે જેટલા જવ હોય, તેટલા પુત્ર જાણવા

૨૪૮ અંગુઠાના મધ્યમા જવ હોય, તો વિદ્યા, જશ, અને લક્ષ્મી મળે, તથા તેનો જન્મ શુકલ પક્ષમા થયો જાણવો. ડાબા અંગુઠામા જવ હોય તો કૃષ્ણ પક્ષમા જન્મ થયો જાણવો

૨૪૯ જેના હાથમા મત્સ્ય, મગર, શંખ, કમળ, પૈકી કોઈ સ્પષ્ટ ચીન્હ હોય તો તે માણસ સમુદ્ર યાત્રા કરી ઘણુ ધન લાવે છે.

૨૫૦ જેના હાથમા સિંહાસન, સૂર્ય, નંદાવર્ત, ચંદ્ર, તોરણ છત્ર, તથા ચામરના ચિન્હો હોય તો તે ચક્રવર્તી રાજા બને છે

૨૫૧ જેના હાથમા વજ્રનું ચિન્હ હોય તે રાજા, દેવ મંદીરથી ધર્મીષ્ટ, શ્રીવત્સથી સુખી, પાલખી, રથ, ઘોડો, હાથી, બળદથી સેનાપતિ, શસ્ત્રથી અજેય રાજા, જહાઝથી સોના રૂપા રત્નનો વેપારી તથા વહાણના વેપારી તરીકે નામના મેળવે છે.

૨૫૨ ગાયનુ ચિન્હ હોય તો ગાયોનો સ્વામી, કમંડલ, ધ્વજ, કળસ અને સાથીઆના ચિન્હથી મહા સમૃદ્ધિવાન થાય.

૨૫૩ અનામિકા અગુલીના નીચેના છેલ્લા પર્વ ઉપર રહેલી આડી રેખા પ્રભુતા અપાવનારી છે, અને તેજ અનામીકાની તળે ઉચી ઉર્ધ્વ રેખા હોય તો તે ધર્મીષ્ટ બને છે આ રેખાને ધર્મરેખા કહે છે

૨૫૪ અગુષ્ટ અને પિતૃ રેખા આ બેની વચમા આડી રેખા હોય તો, તે પદવી અપાવનાર રેખા જાણવી તેમજ મત્સ્ય, અને અગુઠા વચ્ચે રહેલ રેખાઓને સતતિ રેખા કહે છે

૨૫૫ ચારે આગુલીઓ ભેગી કરતા તેમા જો છીદ્ર ન દેખાય તો, તે પુરૂષ કૃપણ થાય, તથા દ્રવ્ય સચય કરે, પણ છીદ્ર દેખાય તો તે દાતાર થાય છે

૨૫૬ જેના નખ રાતા, સ્નિગ્ધ, અણીયાળા, ઉંચા અને આગળીયોના છેલ્લા ટેરવાના અર્ધ ભાગથી નીકળેલા હોય તો સારા સમજવા, અને જો છીપના જેવા, ધોળા, કાળા, જાડા, અગ્ર ભાગમા ફુટેલા, નીલવર્ણ, નિસ્તેજ, લુખા, અને વાકા હોય તો તે ખરાબ જાણવા

૨૫૭ અનામીકા આગળીના છેલ્લા પર્વથી કનીષ્ટા અગુલી વધારે લાબી હોય તો ધન વૃદ્ધિ, તથા મોશાળ પક્ષનુ સુખ સારૂં હોય છે.

૨૫૮ મણીબંધ-પોહોચા ઉપર ત્રણ જવની પંક્તિવાળી રેખા હોય તો, રાજલક્ષ્મી મળે. તેમજ હાથની પાછળ તેજ પંક્તિ હોય તો વિશેષ ધનવાન બને. બે જવની પંક્તિ હોય તો મંત્રી, પંડીત કે ધનવાન થાય, અને એક જવ પંક્તિ હોય તો, તેના ભાગ્યમા ધન અને જશ તો હોયજ, ઇતિ પુરૂષ લક્ષણ સમાપ્ત

इतिश्री, श्रीमद् आचार्य महाराज श्री विजयकमलसूरीश्वर शिष्य-रत्न योगनिष्ठ श्रीमद् पंन्यासजी महाराज श्री केशर विजयजीगणि लघु भ्राता पं देवविजय गणिना समूधृतः भूत भावीफल सूचक रेखादर्शनशास्त्रे पुरुष लक्षण बोधक प्रथमोल्लास समाप्त

યોગનિષ્ટ પન્યાસજી શ્રી કેશરવીજયજી ગણિકૃત પુસ્તકો

આત્મજ્ઞાન પ્રવેશિકા.

મતમતાતર વિના આત્મજ્ઞાનનો વિકાશ થાય અને કૃતવ્યમા સહેલાઇથી મુકી શકાય તેવી સરળ શૈલીમા આત્મજ્ઞાન વિષે સમજ પાડતુ નવીન પુસ્તક પન્યાસજીશ્રીએ મધુર અને મીઠી ભાષામા પુસ્તકો પદ્ધતિસર સતાવીસ પાઠોમા સુત્રના સારરૂપ દોહન કરી ગૂઢ રહસ્યને સહેલાઇથી સમજાવેલ છે

દરેક પાઠને અતે સારાંશ અને કઠિન શબ્દોના અર્થો પણ આપેલ છે •

પુસ્તક એટલુ બધુ ઉપયોગી અને પ્રિય થઇ પડયુ છે કે ટુક મુદ્દતમા બીજી આવૃતિ પ્રસિદ્ધ કરવી પડી છે ને તેની દશ હજાર પ્રત પણ જોતજોતામા ઉપકાઇ જવા લાગી છે, ખાસ પાઠશાળામા અતિ ઉપયોગી થઇ પડયુ છે ને વિદ્યાર્થીઓમા વધુ ફેલાવો થાય તે ખાતર નજીવી કીંમત રાખી છે કીં માત્ર ત્રણ આના

શાન્તિનો માર્ગ.

આ ત્રીજી આવૃતિ છે દરેક વર્ષમા એકેક આવૃતિ નીકળતી રહી છે, તેજ આ પુસ્તકની ઉપયોગીતા અને લોકપ્રિયતા સુચવી આપે છે,

પુસ્તક સિધ્ધાતના રહસ્યોથી ભરપુર હોવા સાથે કર્તવ્યના પગથીઆની નીસરણી જેવુ છે કળીકાળના અંધકારમા સાચી શાન્તિ બતાવવા દિપકની ગરજ સારે તેમ છે પુસ્તકનો લાભ દરેકે દરેક મનુષ્ય લઇ શકે તે ખાતર ૨૦૦ પૃષ્ટના પુસ્તકની કીંમત માત્ર આઠ આના રાખી છે, દરેક પુસ્તકનુ ટપાલ ખર્ચ અલગ સમજવુ

द्वितिय उल्लास.

तत्त्वं विज्ञाय यत्नेन
शुभाशुभ मिति स्थित ।
विदितं च प्रशस्तं च
स्त्रीणां वक्ष्यामि लक्षणं ॥ १ ॥

સ્ત્રી લક્ષણ.

પગ તળીયું.

૧ જે સ્ત્રીના પગના તળીયા લાલ, ઉના, માસથી ભરપુર, મૃદુ, બરાબરસમાન, સ્નિગ્ધ, અને રૂડે પ્રકારે સ્થાપીત હોય, તો તે સ્ત્રી ભોગ તથા પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરે છે.

૨ જે સ્ત્રીનુ પગ તળીયુ લુખું, ખડબચડું, વિચિત્ર રંગવાળુ હોય તો ભોગ રહિત બને છે પગતળીયુ કાળું હોય તો દુર્ભાગ્યને પામે છે, ધોળું તળીયું હોય તો દુ ખ પામે છે

૩ જે સ્ત્રીના પગતળીયા સુપડા જેવા અકારવાળા, ધોળા, અને વાકા હોય તો તે સ્ત્રી નિર્ભાગી બને છે. શુષ્ક

તળીયા હોય તો દરિદ્રી, ઊંચાનીચા તળીયા હોય તો શોકયવાળી, અને બર્સંઠ તળીયા હોય તો દુ ખી થાય છે.

૪ જે સ્ત્રીના પગતળીયામા ચક્ર, સ્વસ્તીક, શ ખ, ધ્વજ અ કુશ, છત્ર, મીન, મકરના ચિન્હ હોય તો તે રાજ્ય પત્ની થાય

૫ ઉપર કહેલ લક્ષણુમાથી બે ત્રણુ ચિન્હ હોય તો તે સ્ત્રી ઐશ્વર્ય સારૂ મેળવે છે

૬ જે સ્ત્રીના પગના તળીયામા ઉર્ધ્વરેખા, મધ્યમા અંગુલી પર્યંત જાય તો, તે સ્ત્રી ધનવાન પતિને મેળવે છે, તથા પતિને પણુ પ્રીય થાય છે

૭ જે સ્ત્રીના પગના તળીયામા, ભે સ, કુતરો, શૃગાળ, ઉંદર, કાગ, ઘુવડ, સર્પ અને ઉંટનુ ચિન્હ હોય તો તે દુ ખ પામે છે

પગનો અ ગુઠો

૮ જે સ્ત્રીનો પગનો અંગુઠો માસથી ભરપુર, ઉન્નત અને ગોળ હોય તો તે શ્રેષ્ઠ છે, પણુ ટુંકો, ચીપટો, વાંકો હોય હોય તો તે કુળ ક્ષય કરનાર સ્ત્રી થાય છે

૯ જે સ્ત્રીનો પગનો અ ગુઠો પોહોળો હોય તો તે વિધવા બને. થોડો ગોળ હોય તો દ્વેષ્ય ભાવ પામે, દીર્ઘ અ ગુઠો હોય તો તે સ્ત્રી પતિનો આદર મેળવે છે

પગની આંગળીઓ

૧૦ જે સ્ત્રીના પગની આગળીઓ મૃદુ, લાલ, કમળના જેવી કોમળ, સરલ, મજબુત, ગોળ અને ઉંચી હોય તો તે સ્ત્રી ભોગનો લાભ મેળવે છે

૧૧ ઘણી વાંકી આગળીઓ, દુર્ભાગ્યને આપે છે, પહોળી આગળીઓ દાસીપણાને આપે છે, જાડી આગળીયો, દુઃખ આપે છે, છૂટી, તથા લુખી આગળીયો, દરિદ્રપણું આપે છે

૧૨ જે સ્ત્રીના પગની આંગળીઓ પ્રથમ ગોળ, પછી પાતળી, એકના ઉપર બીજી પરસ્પર ચડેલ હોય તો તે સ્ત્રી ઘણા પતિને મારી પછી નિશ્ચે કરી દાસી થાય છે

૧૩ જે સ્ત્રી જમીન ઉપર ચાલતા ધૂળના રજકણો ઉડાડતી ચાલે, તે સ્ત્રી કદાપી સારી નહીં, પણ સર્વસ્વ નાશ કરે છે.

૧૪ જે સ્ત્રીના પગની કનીષ્ઠા--નાનીઆગળી ચાલતી વખત જમીનને ન લાગે તો તે સ્ત્રી પતિને મારી બીજા પુરૂષથી રમે છે

૧૫ જે સ્ત્રીના પગની અનામીકા—બીજી આગળી, જમીનને ન લાગે તો તે સ્ત્રી બે પતિને મારે છે તથા નિરંતર કલેશ કરનારી થાય છે

૧૬ જે સ્ત્રીના પગની મધ્યમા ત્રીજી આગળી પ્રમાણથી નાની

હોય તો તે સ્ત્રી પરાક્રમ કરનાર થાય, તથા, તે આંગળી જમીનને ન લાગે તો તે સ્ત્રી ત્રણ પતિને મારે છે

૧૭ જે સ્ત્રીના પગની પ્રદેશીની–ચોથી આગળી, અ ગુઠા પાસેની, અ ગુઠા કરતા મોટી હોય તો તે સ્ત્રી કુમાર અવસ્થામાજ વ્યભીચારી બને છે

પગના નખ.

૧૮ જે સ્ત્રીના પગના નખ લાલ, તેજસ્વી, ઉંચા, ગોળ, ચમકદાર અને સ્નિગ્ધ હોય તો તે શ્રેષ્ટ છે, પરંતુ તેથી જુદા પ્રકારના નખ સારા નહીં

પગની પાની.

૧૯ જે સ્ત્રીની પગની પાની, ચાલવાથી સરખી પડે તો તે સુખી હોય, તેજ પાની પહોળી પડે તો દુર્ભાગણી થાય, ઊંચી પાનીવાળી કુલટા થાય, દીર્ઘ પાનીવાળી દુ ખી થાય.

પગના ચિન્હ.

૨૦ જે સ્ત્રી બેસતી વખતે ડાબો પગ પ્રથમ નીચો મૂકી બેસે, તો તે સદા સુખ મેળવે છે જમણો પગ પ્રથમ મૂકી બેસે તો દુ.ખી જીંદગી કહાડે છે

ચોની

૨૧ જે સ્ત્રીની ચોની પીપલના પત્ર આકારની, હાથીના

સ્કંધ આકારની, પોહોળી, ચંદ્રના આકાર જેવી, કાચબાની પીઠ જેવી યોની હોય તો તે સ્ત્રી ઉત્તમ જાણવી.

૨૨ જે સ્ત્રીની યોની સ્નિગ્ધ, નરમ, થોડા વાળ જેના ઉપર છે તેવી, તથા માસથી ભરપુર હોય તો તે પુત્રવાળી તથા રતીસુખ સૌભાગ્યને આપે છે

૨૩ જે સ્ત્રીની યોની જમણી બાજુમા ઊંચી હોય તો તે પુત્ર ઉત્પન્ન કરે છે, પરંતુ ડાબી બાજુનો ભાગ ઉન્નત હોય તો તે સ્ત્રી, પુત્રીઓ ઉત્પન્ન કરનારી થાય છે

૨૪ જે સ્ત્રીની યોની ઉપર ઘણા ઊંચા કાળા વાળ હોય, તથા બંને ભાગ બરાબર મળેલ હોય, તથા ગુપ્ત છે મણી જેની આવી યોનીવાળી સ્ત્રી ધન આપનાર થાય છે

૨૫ જે સ્ત્રીની યોની ચોરસ હોય, કાચબાની પીઠ માફક સ્થીર હોય, તે સ્ત્રી બળવાન પુત્રોને જન્મ આપે છે.

૨૬ વિસ્તારવાળી, કમળના જેવી રંગવાળી, કોમળ, અલ્પ રોમવાળી અલ્પ છે અગ્રભાગ જેનો, તથા હાથીના સ્કંધ સમાન ઉંચી યોનીવાળી, આ છ પ્રકારની યોનીવાળી સ્ત્રીઓ ઉત્તમ ગણાય છે

૨૭ મનોહર, અતિ ઉષ્ણ, મજબુત, ગાયની જીભ માફક ખડબચડી, કોમળ, ઘણીગોળ, અને સુગંધી, આ સાત જાતની યોનીવાળી સ્ત્રી કામસુખને વૃદ્ધિ કરે છે

૨૮ સ્પષ્ટ મોટી છે મણી જેમા, સંકુચવાળી, ખપરના જેવી, ખડબચડી, વાકી, ખરસઠ વાળવાળી, માસ વગરની, આ સાત જાતની યોની વાળી સ્ત્રી સારી ન હોય

૨૯ ચૂલાના પોલાણુ જેવી, તીલના પુષ્પ સમાન, મૃગના પગની ખરી સમાન યોનીવાળી સ્ત્રી જગતમા દાસ તથા દરિદ્રતાને પામે છે

૩૦ સાબેલાની માપૂક વિસ્તાર મુખવાળી, દુર્ગંધવાળી, તથા હાથીના વાળ જેવી યોનીવાળી સ્ત્રી, નિરતર દુ ખ અને દુર્ભાગ્યને પામે છે

૩૧ વાસના નવીન પત્ર જેવી યોનીવાળી સ્ત્રી પ્રાયે કરી પ્રથમ અવસ્થામા સુખ પામે છે પરતુ પાછળથી દુ ખ ભોગવે છે

૩૨ શ ખના આકાર જેવી યોનીવાળી સ્ત્રી, ગર્ભને ધારણુ કરતી નથી, તેમજ સેવન કરવાથી દુ ખ આપનાર થાય છે.

૩૩ વેતસના પત્ર જેવી યોનીવાળી સ્ત્રી, સારી હોતી નથી, તેમજ તે નિશ્ચેકરી કલ્યાણુ કરનાર પણુ થતી નથી.

૩૪ સ્ત્રીઓની છ પ્રકારની યોની ખરાબ ગણાય છે અલ્પ વીર્યવાળી, ખરસઠ રોમવાળી, ઘણી સાકડી લાબી છે નાસીકા જેની એવી યોની, ભયકર દેખાવવાળી, ખુલુ' છે મોઢુ જેનુ, આ છ પ્રકારની યોની ખરાબ જાણવી

૩૫ જે સ્ત્રીની યોનીના મુખનો ભાગ વિસ્તારવાળો, માંસ-
વાળો, ઉંચો, અલ્પકાળો, મૃદુરોમવાળો, દક્ષિણ બાજુમાં
નમેલો હોય તો તે સ્ત્રી સારી ગણાય છે

૩૬ જે સ્ત્રીની યોનીના મુખનો ભાગ ઉંચો નીચો, માસ
વગરનો, સાકડો, ખરબચડો, ડાબી બાજુએ નમેલો હોય
તો તે સ્ત્રી વિધવા થાય છે

નાભિ

૩૭ જે સ્ત્રીની નાભિ ગોળ, ઉંડી, દક્ષિણાવર્ત હોય તો તે
શ્રેષ્ટ છે

૩૮ જે સ્ત્રીની નાભિ કમળની કર્ણિકાની માફક વિસ્તાર-
વાળી હોય તો તે સ્ત્રી સૌભાગ્ય તથા સુખ સંપદાને
પામે છે

૩૯ જે સ્ત્રીની નાભિ ઘણી ઉંડી હોય, યુવાનોના મનને
હરણ કરનારી હોય, તે પતિને ઘણી વાહાલી થાય છે.

૪૦ જે સ્ત્રીની નાભિ ડાબા આવર્તવાલી એટલે ડાબી બાજુ
ડુંટી નમેલી હોય તો તે સ્ત્રી દુર્ભગ, નિંદનીય, દાસી-
પણાને પામે છે

કુક્ષી

૪૧ જે સ્ત્રીની બગલ સુકુમાર, તથા પોહોળી હોય તો તે સ્ત્રી
ઘણા પુત્રોને જન્મ આપે છે, દેડકાના જેવી બગલવાળી
સ્ત્રી રાજપુત્રને જન્મ આપે છે.

૪૨ જે સ્ત્રીની બગલ અતિ ઉચી હોય અને વાળના આવર્ત સહિત હોય, તો તે સ્ત્રી સાધ્વી થઇ હોય તો પણ વ્યભીચારિણી દાસી થાય છે.

ઉદર

૪૩ જે સ્ત્રીનુ પેટ મૃદુ, પાતળી ચામડી, સુદર નાભિ, રોમ રહિત હોય, તો તે સ્ત્રી રાજાની પત્ની થાય છે જેનુ પેટ નાનું હોય તે પણ શ્રેષ્ટ છે

૪૪ જે સ્ત્રીનુ પેટ ઘડા જેવું, માસ વગરનુ, નસોયુક્ત હોય તો તે દુખ તથા ક્ષુધાથી પીડા પામે છે.

૪૫ જે સ્ત્રીનું પેટ લાબુ હોય, તો તે સ્ત્રી સાસરાને મારે છે તથા જે સ્ત્રીનું લાબુ, પોહોળુ પેટ હોય, તો તે સ્ત્રી લાબે કાળે પુત્રનો જન્મ આપે છે, તથા દુર્ભગ થાય છે.

કેડનો મધ્ય ભાગ

૪૬ જે સ્ત્રીનો કેડનો મધ્ય ભાગ મુઠીમા આવે તેવો નાનો હોય, તથા મોટા સ્તનના ભારથી દબાયેલ સુદર હોય તો તે સ્ત્રી લક્ષ્મીને આપે છે

૪૭ જે સ્ત્રીના કેડના મધ્ય ભાગ ઉપર ત્રણ વલય રેખા પડી હોય, તો તે સ્ત્રી નિશ્ચે કરી સૌભાગ્યવતી થાય છે, અને રાજ્યગાદીને પણ પ્રાપ્ત કરે છે.

રોમરાજી—રૂવાટી

૪૮ જે સ્ત્રીના હૃદયના છેડાથી નીકળેલી બારીક, સરલ,

રોમરાજી કાળી હોય, તો તે સ્ત્રી ઉત્તમ ગણાય છે પણ તે રોમરાજી વાંકી, જાડી, પીળી, છીન્નભીન્ન હોય તો તે સ્ત્રી પ્રાયે કરી વિધવા તથા દુર્ભાગ્યને પામે છે

હૃદય

૪૯ જે સ્ત્રીના હૃદય ઉપર વાળ ન હોય તેમજ કોઇપણ જાતનો ડાઘ, ફોલ્લા ન હોય, બરોબર મનોહર હોય તો તે સ્ત્રી સૌભાગ્યવતી તથા પતિપ્રિય થાય છે

૫૦ જે સ્ત્રીનુ હૃદય ભેદેલ હોય, તુટયુ ફૂટયુ હોય, પોહોળું હોય, વાળ રહિત હોય તો તે સ્ત્રી પ્રથમ ધણીને મારી પછી વેશ્યા બને છે

છાતી

૫૧ જે સ્ત્રીની છાતી માસથી ભરપૂર, ઊંચી, લાંબી, નરમ નહી, તેમ કઠણ નહીં, તેમ નસો પણ ન દેખાય, રોમ વગરની હોય, ૧૮ અઢાર આગુલ પ્રમાણે છાતી હોય તો તે સ્ત્રી ઉત્તમ જાણવી

૫૨ જે સ્ત્રીની છાતી ઊંચીનીચી હોય તો તે સ્ત્રી હિંસા કરનાર થાય, માસ વગરની છાતીવાળી સ્ત્રી વિધવા બને છે, ઘણી પોહોળી છાતીવાળી સ્ત્રી કંકાશ કરનાર થાય છે છાતીમા રોમ હોય તો તે સ્ત્રી ખરાબ સ્વભાવ વાળી બને છે

સ્તન.

૫૩ જે સ્ત્રીના સ્તન ગોળ, દૃઢ, પુષ્ટ, કઠણ તેમજ ઉન્નત હોય તો તે સ્ત્રી સુખ સૌભાગ્યને પામે છે

૫૪ જે સ્ત્રીનો જમણો સ્તન ઉંચો હોય તો તે સ્ત્રી પ્રથમ ગર્ભમા પુત્ર જણે છે, ડાબો સ્તન ઉંચો હોય તો પુત્રી જણે છે, ઉંચા નીચા સ્તન હોય તો તે સ્ત્રી સંતતિ રહિત થાય છે

સ્કંધ

૫૫ જે સ્ત્રીના સ્કંધ ઉંચા, માંસથી ભરપુર, સારી રીતે રહેલા હોય તો તે સ્ત્રી ધન ધાન્ય સહિત ઘણા ભોગવાળી બને છે

૫૬ જે સ્ત્રીના બને સ્કંધો મૂળમાંથી કાંઇક ઉંચા હોય, તો તે સ્ત્રી વાજણી થાય છે પણ જો તે સ્કંધ ઘણો પાતળો નહીં, ન મોટો, ન લાંબો હોય તો તે સ્ત્રી સુખ સૌભાગ્યને પામે છે

૫૭ ઉંચા સ્કંધવાળી સ્ત્રી કુલટા થાય છે, જાડા સ્કંધ વાળી સ્ત્રી ભાર વહન કરનાર થાય, ચક્ર સ્કંધવાળી સ્ત્રી વાજણી થય, રોમ સ્કંધવાળી સ્ત્રી દુખી થાય

ભૂજા.

૫૮ જે સ્ત્રીની ભૂજા શિરીષના પુષ્પની માફક કોમળ

હોય તો તે ઉત્તમ જાણવી

૫૯ જે સ્ત્રીની ભૂજા રોમવગરની અને ગુપ્ત છે હાડકાની ગાંઠ જેમા, હાથીની સુંઢના આકારવાળી, નસો જેમા દેખાય નહીં, આવી ભૂજાવાળી સ્ત્રી સૌભાગ્યને પામે છે

૬૦ મોટા રોમવાળી ભૂજા હોય તો તે વિધવા થાય, નાની ભૂજા હોય તો તે દુર્ભાગીણી થાય, નસ રહિત ભૂજા હોય તો તે કલેશ પામે છે

હથેલી

૬૧ જે સ્ત્રીની હથેલી, રોમ તથા નસ રહિત હોય, બહુ માસવાળી હોય તો તે સ્ત્રી શ્રેષ્ટ છે, પણ જો તે હથેલી નીચી તથા સીસરી રૂક્ષ, ખડબચડી, વિવર્ણ હોય તો તે દુખ પામે છે

હસ્તરેખા

૬૨ જે સ્ત્રીની હથેલીમા બહુ રેખા હોય તો તે ધણીને મારે છે, અને જેના હાથમા એક પણ રેખા ન હોય તો તે સ્ત્રી ભાગ્યહીણ દુર્ભાગ્ય થાય છે

૬૩ જે સ્ત્રીના હાથમા લાલ, પ્રગટ, સ્નિગ્ધ, ગંભીર, ગોળ, બરોબર અને સંપૂર્ણ ત્રણ રેખા પડી હોય તો તે સુખ મેળવે છે

૬૪ જે સ્ત્રીના હાથમા મચ્છની આકૃતિ પડી હોય, તો તે

સ્ત્રી સૌભાગ્યવાળી થાય, સાથીઓ હથેળીમાં હોય તો ધનવાન બને છે, અને શ્રીવત્સનુ ચિન્હ હથેળીમા હોય તો તે રાજપત્ની તથા રાજમાતા થાય છે

૬૫ જે સ્ત્રીના હાથમા નંદાવર્તનુ ચિન્હ હોય તો તે ચક્રવર્તી રાજાની રાણી થાય છે,

૬૬ જે સ્ત્રીના હાથમા રેખા, અંગુષ્ટાના મૂળથી નીકળી કનીષ્ટા—નાની અંગુલી સુધી જાય તો તે સ્ત્રી ભરથારને મારે છે, આ સ્ત્રી વિવાહને યોગ્ય નથી

૬૭ જે સ્ત્રીના હાથમા ત્રાજવાના આકારની રેખા પડી હોય તો તે વૈશ્યની સ્ત્રી થાય છે ધૂસરૂ, હળ, સાબેલાની આકૃતીવાળી રેખા હોય તો તે ખેડુતની સ્ત્રી થાય છે

૬૮ જે સ્ત્રીના હાથમા હાથી, ઘોડા, બળદ, કમળ, પ્રાસાદ, અને ધનુષ્યના આકારની રેખા હોય તો તે સ્ત્રી તીર્થંકરની માતા થાય છે

૬૯ જે સ્ત્રીની ડાબા હાથની હથેળીમા શંખ, ચક્ર, સમુદ્ર નંદાવર્ત, છત્ર, માછલી કે કાચબાના આકારવાળી રેખા પડી હોય તો તે સ્ત્રી ચક્રવર્તીની માતા થાય છે

૭૦ જે સ્ત્રીના હાથમા ધ્વજા, તોરણ સિંહાસન, ચામર કલશ હોય અને મસ્તક ઉપર રેખા હોય તો તે વાસુદેવની માતા થાય છે

૭૧ જે સ્ત્રીના હાથમા શ્રીવત્સ, વર્ધમાન, અકુશ, ગદા, ત્રિશુળની આકારવાળી રેખા હોય તો, તેનો યશોવાદ ઘણો બોલાય છે.

૭૨ જે સ્ત્રીના હાથમા દેડકો, કંકપક્ષી, શિયાળ, બળદ, કાગ, ઘુવડ, વિછી. ગધેડો, ભેસ, અને ઉંટના આકારવાળી રેખા હોય તો તે સ્ત્રી દુખને પામે છે.

હાથનો અગુઠો.

૭૩ જે સ્ત્રીના હાથનો અગુઠો સિધો, સ્નિગ્ધ, ગોળ, અને સુદર હોય તો તે શ્રેષ્ટ છે

હાથની આંગળીઓ.

૭૪ જે સ્ત્રીની હાથની આગળીઓ કોમળ, પાતળીચામડી વાળી, ક્રમે કરી ગોળ, અને સુદર પર્વવાળી હોય તો તે સ્ત્રી શ્રેષ્ટ છે

૭૫ જે સ્ત્રીની આગળીઓ ચપટી, પ્રગટ, લુખી, પાછળના ભાગમા રોમ હોય, ખરબચડી, વાકી, ઘણી નાની, કૃશ, અને છૂટી છૂટી પડેલ હોય તો તે સ્ત્રી દરિદ્રી થાય છે.

નખ.

૭૬ જે સ્ત્રીના નખ ચીકણા, બંદૂકના ફુલ જેવા, શીખા-વાળા, ઉંચા, હોય તો તે શ્રેષ્ટ ગણાય, પણ લુખા, વાકા, મોટા, સફેદ, વિચિત્ર રગવાળા, છીપના જેવા, શિખા

વગરના હોય તો તે સ્ત્રી સૌભાગ્ય તથા ધનહીણુ બને છે.

૭૭ જે સ્ત્રીના હાથ પગના નખ સફેદ હોય, ઉપર ધોળા બિંદુ હોય તો તે સફેદ નખ તથા બિંદુવાળી સ્ત્રી વ્યભીચારીણી તથા દુ:ખી થાય છે

પીઠ

૭૮ જે સ્ત્રીના વાસાનો ભાગ સીધો, સારા આકારવાળો, રોમ વગરનો, માસથી ભરપૂર હોય તો તે સ્ત્રી સુખ સૌભાગ્યને દેનાર થાય છે

૭૯ જે સ્ત્રીના વાસાનો ભાગ વાંકો હોય તો તે દાસી થાય, લાંબી પીઠવાળી સ્ત્રી ધણીને મારે છે, નસવાળી પીઠ હોય તો તે સ્ત્રી દુ:ખી થાય, રોમવાળી પીઠ હોય તો તે વિધવા બને છે

ગ્રીવા.

૮૦ જે સ્ત્રીની ગ્રીવા સરલ સીધી હોય તો તે દીર્ઘાયુ થાય, જે સ્ત્રીની ગ્રીવા માસથી ભરપુર હોય તો તે વિધવા બને, અને ઉંચી ગ્રીવાવાળી સ્ત્રી સુખ સૌભાગ્ય પામે છે.

૮૧ જે સ્ત્રીની ગ્રીવા માસથી ભરપુર, અગર માસ વગરની, નસ, તથા રોમ, તથા વાંકી ખરાબ ડોક હોય તો તે સ્ત્રી દુર્ભાગી થાય છે

૮૨ જે સ્ત્રીનો કંઠ માસથી ભરપુર, ગોળ, ચાર આગળ પ્રમાણુ, ઉજવલ હોય તો તે આનંદ તથા ભોગને પામે છે

૮૩ જે સ્ત્રીના કંઠનેવિષે રૂડે પ્રકારે ત્રણ રેખા પડી હોય તો તે સ્ત્રી મોતી, રત્ન, સુવર્ણના ઘરેણા પહેરનારી થાય છે.

૮૪ જે સ્ત્રીની ગ્રીવા જાડી હોય તો તે, વિધવા થાય, ચક્રના આકારવાળી ગ્રીવા હોય તો વાજણી થાય, નસ તથા નાની ગ્રીવાવાળી સ્ત્રી દરિદ્રી થાય, પણ દીર્ઘ ગ્રીવા હોય તો તે કુલટા થાય છે

ગાલ

૮૫ જે સ્ત્રીના ગાલ ગોળ, પુષ્ટ, ઉંચા તથા નિર્મળ હોય તો તે ઉત્તમ ગણાય છે, પણ કાન્તિ વગરના, રોમવાળા, લુખા, સ્વભાવથીજ નીચા, તથા કાળા હોય તો તે દુઃખી થાય છે.

મુખ.

૮૬ જે સ્ત્રીનુ મુખ ગોળ, નિર્મળ, ચીકાશદાર, ચંદ્રમા જેવુ સોમ્ય, માસથી પુષ્ટ, સુગંધી હોય તો તે સ્ત્રી ભાગ્યવાન બને છે.

૮૭ જે સ્ત્રીનુ મુખ તેના પિતાના જેવુ હોય તો કલ્યાણ-

કારી થાય છે, પરન્તુ ઘોડા, ઉંટ, ગધેડા, બીલાડી, સિંહ, બકરો, આના જેવુ મુખ હોય તથા પહોળું નિચુ ફાટેલું દુર્ગંધવાળુ મુખ હોય તો તે સ્ત્રી નીંદનીય થાય છે

હોઠ.

૮૮ જે સ્ત્રીના હોઠ લાલ, બિંબના ફળ જેવા ચીકણા હોય, તો ઉત્તમ ગણાય છે, પરન્તુ ઉંચા, નીચા, લાંબા, તુટેલ, પાતળા, લુખા હોય તો દુર્ભાગ્ય પણાને પામે છે જે સ્ત્રીના હોઠ શ્યામ હોય, તો તે વિધવા થાય જાડા હોઠવાળી ઝગડા કરનારી થાય વિવર્ણ હોઠવાળી પ્રાયે દરિદ્રી થાય છે

૮૯ જે સ્ત્રીનો ઉપરનો હોઠ ક્રમથી નમેલો, સુકોમળ, લાલ, ચીકણો રોમવગરનો, કાંઇક મધ્યમા ઉંચો હોય તો તે શ્રેષ્ટ ગણાય છે

૯૦ જે સ્ત્રીનો ઉપરનો હોઠ પીલો, ઉંચો, રોમવાળો, નાનો, જાડો હોય તો, તે વિધવા તથા કજીઆખોર થાય છે.

દાંત.

૯૧ જે સ્ત્રીના દાત ચીકણા, બરાબર ઉંચા, નિર્મળ, કુંદના પુષ્પ જેવા હોય તો તે સ્ત્રી સૌભાગ્ય તથા ઠકુરાઇ ભોગવે છે.

૯૨ જે સ્ત્રીના દાત દુધના જેવા ઉજ્વળ, ઉપર નીચેના બધા સરખા બત્રીશ હોય તો તે રાજપત્ની થાય છે

૯૩ જે સ્ત્રીના દાત બને પક્તિમા ઘણા નાના, ઘણા મોટા, ઘણા બારિક, જાડા, ઉચા, નીચા, કાળા, છીપના જેવા હોય તો તે દરિદ્રી બને છે

૯૪ જે સ્ત્રીના દાત નીચેના વધારે હોય તો તે માતાને માર-નાર થાય છે ઉપર નીચે છુટા છુટા દાત હોય તો તે કુલટા થાય છે ખરાબ દાત હોય તો તે વિધવા થાય છે

જીભ્હા.

૯૫ જે સ્ત્રીની જીભ ચીકણી, મૃદુ, સુદર, લાલ, પાતળી હોય તો તે સ્ત્રી મીષ્ટાન્ન ખાનારી સાૈભાગ્યવાન બને છે

૯૬ જે સ્ત્રીની જીભ આગળના ભાગમા પોહોળી, અતના ભાગમા સાકડી, કાળી, ધોળી હોય તો તે સારી ન સમજવી

૯૭ જે સ્ત્રીની જીભ ખડબચડી હોય તો તે પાણીથી મરણ પામે છે કાઇક ધોળી તથા લાલ જીભથી વિવાહને પામે છે કાળી જીભથી કલહ કરનારી થાય છે.

૯૮ જે સ્ત્રીની જીભ માસથી ભરપૂર હોય તો તે દરિદ્રી થાય છે, વિશાળ જીભથી શોકને પામે છે, ઘણી લાબી જીભ-વાળી સ્ત્રી માસ ભક્ષણ કરનારી થાય છે.

તાળવું.

૯૯ જે સ્ત્રીનું તાળવુ ચીકણુ, કમળની કાન્તિ જેવું કોમળ તથા નિર્મળ હોય તો સારૂ છે પણ શ્યામ પુષ્ટ તાળવુ હોય તો તે દુ ખ આપનાર થાય છે

૧૦૦ જે સ્ત્રીનુ તાળવુ ધોળુ હોય તો દરિદ્રી થાય, કાળુ તાળવુ હોય તો પતિ હીણુ દુ.ખી થાય, લુખુ તથા મળવાળુ હોય તો સાધ્વી અગર પતિહીણુ થાય છે.

નાક.

૧૦૧ જે સ્ત્રીની નાસીકાના અગ્રભાગમા બે ભાગ પડેલા હોય તો તે સ્ત્રી દરિદ્રી થાય, નાની નાસીકા હોય તો દાસી થાય, ચપટી નાસીકાવાળી વિધવા તથા ક્રોધી થાય છે

નેત્ર.

૧૦૨ જે સ્ત્રીના નેત્રો દુધના જેવા ધોળા રંગના, શોભાયમાન, જેના છેડા લાલ છે, અને કાળી છે તારા જેને વિષે એવા હોય તો તે ઉત્તમ જાણવા

૧૦૩ જે સ્ત્રીના નેત્રો નીલ કમળના પત્ર જેવા નિર્મળ, બારીક પાપણ તથા ચીકણા, સૂર્ય વિકાશી કમળ જેવા, હોય તો તે સ્ત્રી સૌભાગ્યને ભોગવનારી થાય છે.

૧૦૪ જે સ્ત્રીના નેત્રો, મૃગ, મોર, વરાહ, સસલા જેવા,

તથા પોહોળા કમળના જેવા ઉજ્વળ હોય તો તે સ્ત્રી શ્રેષ્ટ છે

૧૦૫ જે સ્ત્રીના નેત્રો પીળા હોય તે સ્ત્રી કામ વિષયમા પ્રવીણ થાય, અગર વ્યભીચારી થઇને વિધવાપણુ પામે છે

૧૦૬ જે સ્ત્રીના નેત્રો ગાયના રંગ જેવા બરાબર પીળા હોય, તો તે પીતા, સસરો, ભાઈ, પુત્ર મામો, તમામની સાથે વિષયથી જોડાય છે

૧૦૭ જે સ્ત્રીના નેત્રો લાલ કમળ જેવા હોય તો તે પર પુ-રૂષની ઇચ્છા નીત્ય કરનારી થાય છે

૧૦૮ જે સ્ત્રીની ડાબી આખ કાણી હોય તો તે સ્ત્રી વ્યભીચારીણી થાય, જમણી આખ કાણી હોય તોતે વાઝણી થાય છે

પાપણ

૧૦૯ જે સ્ત્રીની પાપણ મજબુત, ચીકણી, કાળી, બારીક, ઘણી પાસે પાસે હોય તો તે ઉત્તમ જાણવી, પણ બારીક છૂટી છૂટી, પીળી, જાડી, બકરાની કાન્તિ જેવી પાપણ હોય તો તે સ્ત્રી ખરાબ જાણવી

ભ્રમર

૧૧૦ જે સ્ત્રીના બને ભ્રમર ગોળ, કાળા હોય તો તે ઉત્તમ, પણ કમળની માફક ઘેરાવા વાળી ભ્રમર સારી નહીં.

૧૧૧ જે સ્ત્રીની ભ્રમર નાની, મૃદુ, રોમવાળી હોય તો તે સારી, પણ વિખરાએલ, પીળી ગોળ, જાડી ખડબચડી, રોમવાળી, સારી નહી.

૧૧૨ જે સ્ત્રીની ભ્રમર નાની હોય તો તે ધનહીણ થાય, પરસ્પર મળેલ જાડી ભ્રમર વાળી સ્ત્રી, વ્યભીચારીણી બને છે, લાબા વાળવાળી ભ્રમર હોય તો તે વાઝણી થાય છે

કાન

૧૧૩ જે સ્ત્રીના કાન લાબા પોહોળા, મળેલા, અને સુંદર આવર્તવાળા હોય, તો તે સ્ત્રી ઉત્તમ ગણાય છે પણ રોમવાળા, વાકા, પાતળા, નસોવાળા કાનવાળી સ્ત્રી નિંદાપાત્ર થાય છે

કપાળ

૧૧૪ જે સ્ત્રીનું કપાળ રોમ રહીત, નસ રહિત અર્ધ ચદ્રમા જેવું હોય, તથા ત્રણ આગળ પ્રમાણે હોય તો તે સ્ત્રી સૌભાગ્યપણાને પામે છે.

૧૧૫ જે સ્ત્રીના કપાળમા પ્રગટ રેખા ન દેખાય, તથા સાથીઆના આકારથી કમાળ ભુષિત હોય તો તે ઉત્તમ જાણવી

૧૧૬ જે સ્ત્રીનુ કપાળ લાબુ હોય તો તે દીયરને મારે છે, તેજ લલાટ, નસો તથા રોમ સહિત હોય તો તે ખરાબ ચાલની થાય છે

મસ્તક.

૧૧૭ જે સ્ત્રીનું મસ્તક ઉંચું, ગોળ તથા હાથીના જેવુ હોય તો તે સ્ત્રી, સુખ સૌભાગ્ય, ઐશ્વર્ય સહિત રાજપત્ની થાય છે

૧૧૮ જે સ્ત્રીનુ મસ્તક જાડુ હોય તોતે વિધવા બને છે, લાબા મસ્તકવાળી વ્યભીચારીણી, ઉંચુ નીચુ મસ્તકવડે દુ ખ, પોહોળા મસ્તકથી દુર્ભાગ્ય વાળી બને છે

કેશ

૧૧૯ જે સ્ત્રીના કેશ ભ્રમરની માફક શ્યામ, બારીક, ઉંચા, ચીકણા, સુદર હોય તો તે રાજપત્ની થાય છે

૧૨૦ જે સ્ત્રીના વાળ આગળના ભાગમા સ કુચાયેલ, ચીકણા, કાળા, કમળની માફક સુ દર હોય તો તે શ્રેષ્ટ, પણ આગળના ભાગમા તૂટેલા, બારીક, લુખા, નાના, છૂટા છૂટા વિખરાયેલ, ઉંચાનીચા હોય તો તે સ્ત્રી દુ ખી થાય

૧૨૧ ઘણા લાબા તથા જાડા વાળવાળી સ્ત્રી પતિને મારે છે, તેમજ પીળા, તથા સ્કધ સુધી લાબા વાળ હોય તો તે નીંદનીય થાય છે

તલ, મસાદિ, વિચાર

૧૨૨ લાલ, કાળો, ધુમ્ર બિ દુ આકારે જે ચિન્હ હોય તેને મસક કે મસો કહે છે, તલના જેવો આકાર હોય તેને તલ કહે છે.

૧૨૩ બે ભ્રમરની મધ્યમા, લલાટની મધ્યે જે સ્રીને સુદર મસક હોય તો તે રાજપત્ની થાય છે

૧૨૪ જે સ્રીના ડાબા કપાળમા લાલ મસો હોય તો તે મિષ્ટાન્ન ભોજી થાય છે.

૧૨૫ જે સ્રીના હૃદયમા લાલ તલ, અગર બીજુ કોઈ લાછન હોય તો તે ધન ધાન્ય સહિત પતિને પ્રીય થાય છે

૧૨૬ જે સ્રીના જમણા સ્તન ઉપર લાલ તલનુ ચિન્હ હોય, તો તે સ્રી ચાર પુત્ર તથા ત્રણ પુત્રીને જન્મ આપે છે.

૧૨૭ જે સ્રીના ડાબા સ્તન ઉપર તલનુ ચિન્હ હોય તો તે સ્રી એક પુત્રનો જન્મ આપી વિધવા થાય છે

૧૨૮ જે સ્રીની યોની પાસે લાલ તલ હોય, અગર યોનીની જમણી બાજુ તલ હોય, તો તે સ્રી રાજપત્ની તથા રાજમાતા થાય છે

૧૨૯ જે સ્રીની નાસીકાના આગલા ભાગમા લાલ વર્ણનો મસો હોય તો તે પણ રાજપત્ની થઈ, પુત્રને જન્મ આપે છે

૧૩૦ જે સ્રીની નાસીકામા આગલા ભાગમા કાળો તલ હોય, તો તે સ્રી પતિને મારે છે, અને વિશેષે કરી તે વ્યભીચારીણી થાય છે

૧૩૧ જે સ્રીની હુડીના નીચે ભાગે તલ, અગર મસો

ચમકતો હોય, તો તે સ્ત્રી કલ્યાણને પ્રાપ્ત કરનારી થાય છે

૧૩૨ જે સ્ત્રીના બે ગુલ્ફોને વિષે લાછન, તલ, કે મસો હોય તો તે સ્ત્રી ધન ધાન્ય વગરની દુ ખીણી થાય છે

૧૩૩ જે સ્ત્રીના ડાબા હાથમા, કઠમા, કે શરીરમા મસો, અગર તલ હોય તો તે સ્ત્રી પ્રથમ ગર્ભમા પુત્રને જન્મ આપે છે

૧૩૪ જે સ્ત્રીને, ડાબા ભાગમા ચિન્હ કહ્યા, તે જમણા ભાગમા હોય તો તે કલેશ ફળ આપે છે

૧૩૫ જે સ્ત્રીના કપાલમા ત્રિશૂળ હોય, તો તે હજાર સ્ત્રીની સ્વામીની થાય છે

૧૩૬ જે સ્ત્રીની હરીણના જેવી આખ ગ્રીવા, ઉદર અને જઘા હોય તો તે સ્ત્રી દાસને ઘેર જન્મ પામી હોય તો પણ તે રાજપત્ની થાય છે

૧૯૭ જે સ્ત્રીની મધના જેવી પીળી આખ હોય, સ્નિગ્ધ અને શ્યામ અગ હોય, રાજહસ જેવી ગતિ તથા શબ્દ હોય, તો તે સ્ત્રી, આઠ પુત્રોને જન્મ આપનારી તથા ધન ધાન્યને વૃદ્ધી કરનારી થાય છે

૧૩૮ જે સ્ત્રીનો કટીપશ્ચાત ભાગ, તથા સ્તન, તથા કપાળ પુષ્ટ હોય તો તે સ્ત્રી સૌભાગ્યને પામે છે

૧૩૯ જે સ્ત્રીનું તાળવું, નખ, જીભ્હા, હોઠ, હાથ, પગ, નેત્ર, ગુહ્ય પ્રદેશ, લાલ હોય તો તે સ્ત્રી ધન ધાન્ય યુક્ત થાય

૧૪૦ જે સ્ત્રીના નયન, જઘન છાતી, કેડ, યોની અને ઉદારતા બહુ વિસ્તારવાન હોય તો તે સ્ત્રી જગતમા પૂજનીય થાય છે

૧૪૧ જે સ્ત્રીના રોમ, શરીર, કેશ કોમળ છે, તથા ક્રોધ જેનો અલ્પ છે, મૃદુ બોલનારી હોય, આવી સ્ત્રી પૂર્ણ ભાગ્યવાનને પ્રાપ્ત થાય છે.

૧૪૨ જે સ્ત્રીનુ મુખ, આખ, ભુજા, કેશ, અને આગળીઓ લાબી હોય તો તે સ્ત્રી દીર્ઘાયુ, તથા સુખને પામે છે

૧૪૩ જે સ્ત્રીનુ મુખ, સ્તન, સાથળ, જાનુ, ગુલ્ફ, ડોક, નાભી અને મસ્તક ગોળ હોય, તો તે ભાગ્યશાળી બને છે

૧૪૪ જે સ્ત્રીના મણીબધમા તથા કંઠે ત્રણ રેખા પૂર્ણ હોય તો તે સ્ત્રી રાજપત્ની થાય છે

૧૪૫ જે સ્ત્રીનુ શરીર તપાવેલ સોના જેવુ સુંદર હોય, પાતળી શરીરની ચામડી હોય, શરીરના બધા અવયવો કોમળ તથા સુંદર હોય તો તે સ્ત્રી પ્રાયે કરી લક્ષ્મી ઘણી ભોગવે છે

સ્ત્રીના ભેદો

૧૪૬ જગતમા ચાર પ્રકારની સ્ત્રીયો છે પદ્મની, હસ્તીની, શખીણી, ચિત્રિણી, આ ચારના લક્ષણ બતાવે છે

પદ્મની.

૧૪૭ જે સ્ત્રીનો સુંદર, સ્નિગ્ધ, અને શ્યામ રંગ છે, તિલના પુષ્પ જેવી સુંદર નાસીકા છે, કેડમા ત્રણ વલય પડેલા છે, ગોળ સ્તન છે, ચીકણા શ્યામ કેશ છે, કમળના જેવું મુખ છે, મધના જેવો ગંધ છે, કમળના જેવા લોચન છે, પ્રીયાલાપ, બિંબના જેવા હોઠ છે હંસના જેવી ગતિ છે, ધર્મ ઉપર પ્રીતી છે, આવી સ્ત્રીને પદ્મની કહે છે

હસ્તીની

૧૪૮ જે સ્ત્રીના મોટા દાત, સુંદર કમ્મર, ગદગદ બોલનાર, મદે કરી સહિત, ચંચળ, નાના છે સાથળ, ભુજા, ગ્રીવા, જંઘા, તથા વાજા ગાયનમા પ્રીતીવાળી, સુંદર રંગવાળા કેશ, માસથી ભરપુર, ગાલ, તથા સ્તન જેના ઉંચા છે હાથીની માફક જેની ચાલ છે, આવી સ્ત્રીને હસ્તીની કહે છે.

શંખીણી

૧૪૯ જે સ્ત્રીના ઊંચા નીચા સ્તન છે, કમળતંતુ જેવો ગંધ છે, હાથનો પંજો, સાથળ, નાક અને નેત્ર જેના લાબા છે નાના તથા પાતળા જેના વાળ છે, તેજસ્વી જેનો સ્વભાવ છે, તથા શંખના જેવા જેના દાત છે, આવી સ્ત્રીને શંખીણી કહે છે

ચિત્રિણી

૧૫૦ જે સ્ત્રીના સ્તન ઘણા મોટા, અનેક પ્રકારના વસ્ત્રને પહેરવાની ઇચ્છાવાળી, બોલવામા ચપળ, ખારના જેવા ગંધવાળી અને વિચિત્ર આખવાળી, આવી સ્ત્રીને ચિત્રિણી કહે છે

સ્ત્રીના ભેદના ભેદ

૧૫૧ સ્ત્રીના મુખ્ય ચાર ભેદ છે ૧ પદ્મીની, ૨ હસ્તીની, ૩ ચિત્રિણી, અને ૪ શ ખીણી આ દરેકના પાછા ચાર ચાર ભેદ કરતા કુલ ભેદ સોળ થાય છે, નામ તો ઉપર મુજબ ચારજ છે

ગ ધ

૧૫૨ કમલના જેવી ગંધવાલી પદ્મીની, મધના જેવી ગ ધવાળી હસ્તીની, વિચિત્ર ગંધવાળી ચિત્રિણી, માછલા જેવી ગંધવાળી શ ખીણી હોય છે

શરીર શોભા

૧૫૩ મુખના શોભાવાળી પદ્મની, ગતી શોભાવાળી હસ્તીની, સાથળની શોભાંવાળી ચિત્રિણી, સ્તનની શોભાવાળી શંખીણી હોય છે

ગતિ

૧૫૪ હ સની માફક પદ્મની ચાલે છે હાથીની માફક હસ્તીની,

હરિણુની માફક ચિત્રીણી, ગધેડાની ચાલ જેવી શંખીણી હોય છે

દાત

૧૫૫ કોમળ દાતવાળી પદ્મની, જાડા દાતવાળી હસ્તીની, સૂક્ષ્મ દાતવાળી ચિત્રિણી, લાબા દાતવાળી શંખીણી હોય છે

કેશ

૧૫૬ સુવાળા કેશવાળી પદ્મની, જાડા કેશવાળી હસ્તીની, સુકા કેશવાળી ચિત્રિણી બરસઠ કેશવાળી શંખીણી હોય છે

નેત્ર

૧૫૭ મોટા નેત્રવાળી પદ્મની, નાના નેત્રવાળી હસ્તીની, સૂક્ષ્મ નેત્રવાળી ચિત્રીણી, પીળા નેત્રવાળી શંખીણી હોય છે

સ્તન,

૧૫૮ પોહોળા સ્તનવાળી પદ્મની નાના સ્તનવાળી હસ્તીની, ઉર્ધ્વ સ્તનવાળી ચિત્રીણી, લાબા સ્તનવાળી શંખીણી હોય છે

નિદ્રા

૧૫૯ અલ્પ નિદ્રાવાળી પદ્મની, ગાઢ નિદ્રાવાળી હસ્તીની, કૃશ નિદ્રાવાળી ચિત્રીણી, લાબી નિદ્રાવાળી શંખણી હોય છે.

આહાર

૧૬૦ અલ્પ આહારવાળી પદ્મની, ઘણા આહારવાળી હસ્તીની, સાફસુફ કરી આહાર કરનારી ચીત્રિણી, લાબા કાળ સુધી આહાગ કરનારી શંખીણી હોય છે

કામ વિકાર

૧૬૧ અલ્પકામની ઇચ્છાવાળી પદ્મની, ગાઢ કામની ઇચ્છા-વાળી હસ્તીની, વિચિત્ર કામની ઇચ્છાવાલી ચિત્રીણી, લાબા કાળ સુધી કામની ઇચ્છા કરનાર શંખીણી હોય છે.

પરસેવો.

૧૬૨ અલ્પ પરસેવાવાળી પદ્મની, ઘણા પરસેવાવાળી હ-સ્તીની, મધ્યમ પરસેવાવાળી ચિત્રીણી, લાબા કાળ પરસેવાવાળી શંખીણી હોય છે

ક્રોધ.

૧૬૩ ક્રોધ વગરની પદ્મની, ક્રોધવાળી હસ્તીની, અલ્પ ક્રોધ વાળી ચિત્રીણી. લાંબા ક્રોધવાળી શંખીણી, હોય છે

પ્રિય વસ્તુ

૧૬૪ પુષ્પ પ્રિય પદ્મની; મોતી પ્રીય હસ્તીની, આભુષણ પ્રીય ચિત્રીણી, કલહ પ્રીય શંખીણી હોય છે.

હસ્ત લક્ષણ.

૧૬૫ કમળના જેવા હસ્તવાળી પદ્મની શંખના જેવા

હાથવાળી હસ્તીની, મગરમચ્છના જેવા હાથવાળી ચિ-
ત્રીણી, માછલાના જેવા હાથવાળી શખીણી હોય છે,

સામાન્ય ભેદ

૧૬૬ સારા અને ખરાબ લક્ષણથી સ્ત્રીઓ બે પ્રકારની શુભ, અને અશુભ કહેલ છે

શુભ સ્ત્રી

૧૬૭ જે સ્ત્રીનુ મુખ ચદ્રમા જેવુ છે, ઉદય પામતા સૂર્ય જેવી જેની કાન્તિ છે, પોહોળુ જેનુ મોઢુ છે, લાલ જેના હોઠ છે, આવી સ્ત્રી ઉત્તમ શુભ કહેવાય છે

લક્ષણ.

૧૬૮ જે સ્ત્રીના ડાબા હાથમા અકુશ, કુડળ, ચક્ર, હોય તો, તે રાજપત્ની થાય છે, અને પુત્રનો જન્મ આપે છે

૧૬૯ જે સ્ત્રીના હાથમા પ્રાકાર તથા તોરણના આકારની રેખા પડી હોય તો તે દાસના કુળમા જન્મી હોય, તોપણ રાજપત્ની થાય છે, તેમજ મદિર, કમળ, ચક્ર, કળશ, તોરણ તથા છત્ર, હોય તોપણ તે રાજપત્ની થાય છે

૧૭૦ જે સ્ત્રીના હાથના તળીયામાં, મોરપીછનુ છત્ર દેખાય, તે રાજપત્ની થાય, તથા પુત્રની સાથે અનેક પ્રકારે વૃદ્ધિ પામે છે.

૧૭૧ જે સ્ત્રીનુ શરીર કોમળ, હરણુની જેવી આંખો, ડોક, તથા ઉદર હોય, તેમજ રાજહંસ જેવી ગતિ હોય તો તે સ્ત્રી રાજપત્ની થાય છે

૧૭૨ જે સ્ત્રીના કેશ વળેલા, મુખ ગોળ, નાભી દક્ષિણાવર્ત હોય તો તે સ્ત્રી પ્રીતીનું ભાજન થાય છે

૧૭૩ જે સ્ત્રીની આગળીઓ લાબી હોય, કેશ લાબા હોય તો તે સ્ત્રી લાબા આયુષ્યવાળી તથા ધન ધાન્યથી વૃદ્ધિ પામે છે

૧૭૪ જે સ્ત્રીના લલાટમા હસતી વખતે સાથીયાનો આકાર પડે, તો તે સ્ત્રી હજાર વાહનની અધીપતિ બને છે

૧૭૫ જે સ્ત્રીના ડાબા પડખે, ગળે, અને બને સ્તન ઉપર મસ, અગર તલનુ લાછન હોય, તો તે સ્ત્રી પ્રથમ ગર્ભમા પુત્રને જન્મ આપે છે

૧૭૬ જે સ્ત્રીના શરીરે પરસેવો, રોમરાજી, નિદ્રા, અને ભોજન અલ્પ હોય, તે સ્ત્રી ઉત્તમ જાણુવી

૧૭૭ જે સ્ત્રીની જઘા, સ્તન, અને હોઠ, ઉપર રોમ હોય તો તે જલદી વિધવા બને છે

૧૭૮ જે સ્ત્રીના વાસા ઉપર આવર્ત હોય તો તે પતિને મારે છે હૃદય ઉપર આવર્ત હોય તો તે પતિવૃતા થાય છે કેડ ઉપર આવર્ત હોય તો તે સ્વચ્છદી થાય છે

૧૭૯ જે સ્ત્રીનું લલાટ, ઉદર, અને યોની, પોહોળી હોય, તે

સ્ત્રી સસરો, દીયર, તથા પતિને મારે છે

૧૮૦ કાળી જીવ્હાવાળી, લાબા હોઠવાળી, પીળી આખવાળી, ઘર ઘર અવાજવાળી, ઘણી ગૌરવર્ણી, અને ઘણી કાળી આ છ જાતની સ્ત્રીઓ ત્યાગવા યોગ્ય છે

૧૮૧ જે સ્ત્રીના પગની તર્જની, તથા મધ્યમાઆગળી, અંગુઠા કરતા અધિક હોય, તો તે સ્ત્રી દુ શીલા બને છે, તેમજ જે સ્ત્રીની અનામીકા તથા કનીષ્ટા આગળી ચાલતી વખતે જમીનને ન અડે તો તે સ્ત્રી કુવારાપણામાજ વ્યભીચારીણી બને છે.

૧૮૨ જે સ્ત્રીનો કાગડા જેવો સ્વર હોય, તથા કાગડા જેવી જંઘા હોય, વાંસાપર રોમ હોય, મોટા દાત હોય, તો તે સ્ત્રી દશ માસે પતિને મારે છે, એમા સ શય નથી

૧૮૩ જે સ્ત્રીના લોચન, કેશ, રોમરાજી, અને શરીરના અવયવ પીળા હોય, તો તે સ્ત્રી સારી ગણાતી નથી

૧૮૪ જે સ્ત્રીની આખો, મુખ, કેશ, કાન, અને આંગળીઓ ઘણી વિશાળ હોય, તો તે સ્ત્રી પ્રાયે કરી પતિને મારે છે

૧૮૪ જે સ્ત્રીની આખો, અંગ, નખ, રોમરાજી, હોઠ, તાળવુ, જીભ, કાળા હોય તો તે સ્ત્રી નિશ્ચય ખરાબ ચાલની થાય.

૧૮૬ જે સ્ત્રીનુ કપાળ, હોઠ, ડોક, નાશીકા, સ્તન તથા યોની માંહેની કળી ઘણી લાબી હોય તો તે સારી નહીં

૧૮૭ સૂતી વખતે જે સ્ત્રીના મુખમાંથી લાળ પડતી હોય, તથા આંખ જરા ખુલી રહેતી હોય તો તે સ્ત્રી વ્યભી-ચારીણી હોય છે.

૧૮૮ જે સ્ત્રીના હસવા વખતે આખોમાથી જોરથી આંસુ પડે, તથા મુખમાથી લાળ પડે, તો તે સ્ત્રી સારી ચાલની હોતી નથી.

૧૮૯ જે સ્ત્રીનો શ્વાસ, મુત્ર, શરીર, અને રજ એકી સાથે દુર્ગંધવાળા હોય, તો તે સ્ત્રી કુલનો નાશ કરનાર જાણવી કોઈપણ સારા લક્ષણ પડયા હોય તોપણ તે ખરાબ જાણવી

૧૯૦ જે સ્ત્રીના હસવા વખતે બે બગલની અંદર ખાડા પડી જાય, તેમજ જેના નેત્ર અત્યન્ત ચપળ હોય, તો તે સ્ત્રી કુલટા બની પતિને મારે છે

૧૯૧ જે સ્ત્રીના ચાલવાથી સ્વભાવિક વસ્ત્ર ફટફટ થયા કરે તો તે સ્ત્રી સારી નહીં

૧૯૨ જે સ્ત્રીના ચાલવા વખતે શરીરના બધા હાડકાના સંધીબંધનો જુદા પડે તો તે સ્ત્રી પોતાના પુત્રને પણ પતિ કરવાની ઇચ્છાવાળી હોય છે.

૧૯૩ જે સ્ત્રી કામ વગર ફરવાવાળી, આખ ચલાવવાવાળી, ઘણી વાતો કરવાવાળી, હોય તો તે સ્ત્રી ત્યાગવા ચોગ્ય છે

૧૯૪ જે સ્ત્રીનું મુખ ઘણુ નાનું હોય તો તે સ્ત્રી ધુર્ત બને

છે, લાબા મુખવાળી સ્રી દુ ખીની થાય છે, સૂકા તથા વાકા મુખવાળી સ્રી સૌભાગ્ય તથા સુખથી હીણુ થાય છે.

૧૯૫ જે સ્રીના શરીર ઉપર પીળી, ગોળ રોમરાજી હોય તો તે ઉચ કુળમા ઉત્પન્ન થઇ હોય તો પણ તે વેશ્યા થાય છે

૧૯૬ જે સ્રી ઘણી નાની, ઘણી મોટી, ઘણી પાતળી, તથા ઘણી જાડી હોય તો તે સ્રી રૂપવાન હોય તોપણુ અનીષ્ટ દેનાર થાય છે

૧૯૭ જે સ્રીનુ અંગ વીકળ હોય, રોગી, સુકા શરીરવાળી કુબડી, નીચ કુળમા ઉત્પન્ન થયેલી, આવી સ્રી રૂપ-વાન હોય તોપણુ ત્યાગ કરવા લાયક છે.

૧૯૮ જે સ્રી રાત્રિએ નિદ્રામા દાત કરડે તથા કાંઇપણુ લવે તે સ્રી કદાચ લક્ષણુવાળી હોય તોપણુ સારી ન જાણુવી.

૧૯૯ જે સ્રીનુ મુખ, આખ, સ્વર, જઘા, તથા ગતિ કાગ-ડાના જેવી હોય, તો તે સ્રી દુ.ખી તથા દરિદ્રી થાય છે

૨૦૦ જે સ્રી નિરતર ક્રોધી હોય, સ્તબ્ધ શરીરવાળી, ચપળ, લાબી ભુજાવાળી, ઘણા પાતળા હાથવાળી, આવી સ્રી કદાપિ મગળ કરનારી થતી નથી.

૨૦૧ જે સ્રીના હાથ પગના આગળા પરસ્પર મળેલા,

અ ગુઠા વગરના હોય તો તે સ્ત્રી અલ્પાયુષવાળી તથા દરિદ્રી બને છે

૨૦૨ જે સ્ત્રીનુ વાદરા જેવુ મુખ, નેત્ર, નાસીકા, કમર, કાન, તથા વાળ હોય, તો તે સ્ત્રી પ્રાયે કરી ઉલટા કાર્ય કરવાવાળી થાય છે

૨૦૩ જે સ્ત્રીનુ નામ પર્વત, પક્ષી, નદી, વૃક્ષ, લતા, ગુલ્મ, નક્ષત્ર અને ગ્રહના નામ ઉપર પડેલ હોય તો તે સ્ત્રી પોતાની ઇચ્છાએ ચાલનાર થાય છે, પતિને ચાહ-નાર થતી નથી.

૨૦૪ જે સ્ત્રીનું નામ ઈન્દ્ર, દેવ, દૈત્ય, પુરૂષ, આકાશ તથા તીર્થંકર, આવા નામ ઉપર પડેલ હોય તો તે પ્રાયે વેશ્યા બને છે.

સ્ત્રીઓના જુદી રીતે ભેદો.

૨૦૫ સ્ત્રીઓ, મૃગી, વડવા, અને હસ્તીની આ મુજબ ત્રણ પ્રકારની કહેલ છે

૨૦૬ જે સ્ત્રીની યોની ૬ થી ૮ આગુલની કમળની કળી જેવી હોય, તે સ્ત્રી મૃગી કે હરીણી કહેવાય છે

૨૦૭ જે સ્ત્રીની યોની ૯–૧૦–૧૧ આગુલની હોય તે સ્ત્રી વડવા કહેવાય છે, તથા ૧૨–૧૩ આગુલની યોનીવાળી સ્ત્રીને કરીણી કહે છે.

૨૦૮ પ્રાયે કરીને મૃગી, વડવા અને કરીણી, આ-ત્રણ જાતની સ્ત્રીઓને મૃગાદિ પુરૂષો સાથે પ્રીતી સારી રહે છે, અર્થાત્ પ્રથમ જે ત્રણ પ્રકારના પુરૂષો કહ્યા તેની સાથે અનુક્રમે પ્રીતી કરે તો પરસ્પર પ્રીતિ સારી રહે છે

૨૦૯ સ્ત્રીઓને ગર્ભ ધારણ અવસરે રજ રૂધિર અધિક હોય તો તે પુત્રીને જન્મ આપે છે, વિર્ય અધિક હોય તો તે પુત્રને જન્મ આપે છે, રજ તથા વિર્ય સરખુ હોય તો તે નપુંસકને જન્મ આપે છે.

૨૧૦ જે સ્ત્રીનુ મુખ ગોળ, અને કેશ લાબા હોય, તો તે ઉત્તમ સ્ત્રી જાણવી, શરીર ઉપર રોમરાજી ઓછી હોય તો તે સ્ત્રી પૈસાપાત્ર થાય છે.

૨૧૧ નાના કપાળવાળી સ્ત્રી સારી ન જાણવી, મોટા કપાળવાળી સ્ત્રી સુખી થાય છે.

૨૧૨ જે સ્ત્રીના ડાબી બાજુએ તલનુ ચિન્હ હોય તો તે માન સારૂ પામે છે, ઘણી લાબી કે ઘણી ઠીંગણી સ્ત્રીઓ પોતાના ધણીનો હુકમ માનતી નથી, આથી તેઓ દુ ખી થાય છે.

૨૧૩ જે સ્ત્રીનુ નાક નાનુ અને સુંદર હોય, તો તે સુખી જીંદગી ભોગવે છે, જેના નાક ઉપર તલનુ ચિન્હ હોય તો તે પતિનું સુખ ઓછુ ભોગવે છે.

૨૧૪ બીલાડીના જેવી આખવાળી સ્ત્રી ઘણી ખરાબ જાણવી.

૨૧૫ જે સ્ત્રીને દાઢી અગર સ્તન ઉપર વાળ ઉગે તો તે સ્ત્રી પતિ સુખ રહિત થાય છે

૨૧૬ જે સ્ત્રીના શરીર ઉપર વાળ થોડા, નિદ્રા થોડી, પર-સેવો થોડો, તે પદ્મણી સ્ત્રીના લક્ષણ છે, તે ઉત્તમ છે

૨૧૭ જે સ્ત્રીના સ્તન ગોળ, હોઠ પાતળા લાલ હોય તો તે સદા સુખી રહે છે, નાભિ ઉ ડી હોય તો તે પૈસાપાત્ર થાય છે

૨૧૮ જે સ્ત્રીને હસતી વખતે ગાલ ઉપર ખાડો પડે તો તે સ્ત્રી કાયમ બીજાની તાબેદારી કરનાર બને છે

૨૧૯ કોયલના જેવી ક ઠવાળી સ્ત્રી મોટા ભાગ્યવાળી તથા પૈસાપાત્ર બને છે, અને જ્યા જાય ત્યા માન પામે છે

૨૨૦ જે સ્ત્રીના દાત નાના હોય, પાતળા હોય, તો તે હ મેશ મીઠા ભોજન જમનાર થાય છે

૨૨૧ જે સ્ત્રીના સ્તન ઉપર તથા મૂછની જગ્યાએ વાળ ઉગે તો તે સ્ત્રી જલદી વિધવા બને છે.

૨૨૨ જે સ્ત્રીના પગની તર્જની આગળી, અ ગુઠાથી મોટી હોય તો તે વ્યભીચારીણી બને છે

૨૨૩ જે સ્ત્રીના પગમા સાત આગળ પ્રમાણની ઉર્ધ્વરેખા હોય તો તે રાણીની માફક હુકમ ચલાવનાર બને છે

૨૨૪ જે સ્ત્રીના કેશ લાલ હોય તો તે સ્ત્રી નાની ઉમરમાજ વિધવા થાય છે

૨૨૫ જે સ્ત્રીના વાસા ઉપર કેશ ઉગેલા હોય તો તે થોડા
રોજમા પતિના સુખથી રહીત થાય છે

इति श्री, श्रीमद् आचार्य महाराजश्री विजयकमलसूरीश्वर
शिष्यरत्न योगनिष्ठ श्रीमद् पन्यासजी महाराजश्री केशर
विजयजी गणिलघु भ्राता पन्यास श्रीदेवविजयगणिना
समुद्धृत भूत भावी फल सूचक रेखादर्शन शास्त्रे
स्त्री लक्षण बोधको द्वितियोल्लास विक्रमीय
शताब्दी ॥ १९८० वर्षे कार्तिक मासे
शुक्लपक्षे प्रतिपदि शुक्र वासरे
मोहमयी नगरे समाप्त

समाप्तोऽय ग्रथ श्रीमद्गुरुवर्य श्रीविजय कमल सूरीश्वर प्रसादात्

શબ્દોના અર્થ.

શબ્દ	અર્થ	શબ્દ	અર્થ
અંતરંગ લક્ષ્મી ..	આત્મીક લક્ષ્મી	પ્રાયે	ઘણુ કરીને
હસ્તાદિગત	. હાથમા રહેલ	મૃદુ	કોમળ
સુકૃત કે દુષ્કૃત	પાપ કે પુન્ય	પુષ્ટ	મજબુત
જઘન્ય કોટીનો	હલકી પંક્તિનો	વલ્લભ	પ્રિય
ઉષ્ણીકા	માથાનો મધ્ય ભાગ	શિઘ્ર .	જલદી
ઉલ્લાસ	. વિગાભ-પરિછેદ	પ્રવાલ	પ્રવાળા લાલ હોય છે તેવા
ગૌણપણે	મુખ્ય નહિ	દક્ષિણાવર્તવાળી	જમણી બાજુ ચક્રાવાવાળી
સ્નિગ્ધ	ચીકાશદાર		
ઉર્ધ્વ	... ઉપર	આજીવીકા	ચાકરી
પ્રદેશીની	અંગુઠા પાસેની આગળી	ચક્રવર્તી	શહેનશાહ
અનામિકા	. સર્વથી નાની આગળીની બાજુની	વલીયા	મસ્તક કે પેટ-પર પડતા આકા
		ખંડિત .	તુટેલ
		આસકત	ખાવાપીવામા મશગુલ
કનીષ્ટીકા	, સર્વથી નાની આગળી	વિષમ	ઉચીનીચી
રોમયુકત	વાળવાળી	કપિ .	વાદરો

શબ્દ.	અર્થ	શબ્દ.	અર્થ
કાંચન	સોનુ	સશંક	સમયો
ધનેશ્વરી	ધનવાન	વૃષભ	બળદ
ધુમ્ર	ધુમાડો	હય	ઘોડો
દીનદષ્ટિ	નિર્માલ્ય દષ્ટિ	ઠકુરાણી	પત્ની
નકુલ	નોલીઓ	તિર્યંચ ગતિ	પશુ પક્ષીમા જ-ન્મવુ તે
ધુસર	આકાશ જેવો રગ અથવા ભુરો રગ	નિર્ગ્રંથ	સન્યાસી, ત્યાગી
		માયાવી	કપટી
રુક્ષ	લુખો	મત્સ્ય	મચ્છ
ભ્રાન્ત	ભ્રમીત, ભમેલ મગજનો	નદાવર્ત	સાથીઓ
		જહાઝ	વહાણ
આચ્છાદિત	ઢાકેલ	સંચય	સગ્રહ
તીર્છો	આડો	નીલવર્ણ	લીલો રગ
શ્રીવત્સ	છાતીમા એક જાતનુ ચિન્હ ચોરસ હોય છે	પર્વ	વેઢા
		બર્સંડ	બરબચડો
		અંકુશ	હાથીને કાબુમા રાખનાર શસ્ત્ર
સાત્વિક	એક જાતનો ગુણ	મીન	માછલી
સ્કંધ	ખભો	ઐશ્વર્ય	પૈસાપાત્ર અ-થવા હોદેદાર
અધિશ્વરપણુ	ઠકુરાઇપણુ, શે-ઠાઇ	અનુસાર	પ્રમાણે

શબ્દ	અર્થ	શબ્દ.	અર્થ.
જીવિત	જીવન કે આ-યુષ્ય	દુ:શીલ	ખરાબ ચાલની
		ગ્રીવ	ડોક
તર્જની	હાથના અંગુઠા પાસેની આગળી	વક્ર	વાંકુ
		ખર	ગધેડો
ગોત્ર	વંશ	દાભિક	કપટી
જેષ્ટા	સર્વથી મોટી આગળી	સોમ્ય	શાત
		કૃપણતા	કંજુસાઈ
ઋદ્ધિ	પૈસો	ભીરૂ	ડરપોક
સાર્થવાહ	માણસો સાથે પરદેશ ગમન કરનાર	વીવર્ણ	ખરાબ વર્ણ
		મંડલાધીશ	મોટો રાજા
		પરૂષ	કઠોર
પુરોહીત	રાજાનો ગુરૂ	હોઠ સંપૂટ	હોઠના બે ભાગો
પલવ રેખા	જીણી રેખા		
વેદપાઠી	વેદને જાણનાર	શીલધર્મ	ઉત્તમ ચારિત્ર-વાન
જવમાલા	જવના જેવી હાર	નીલ સ્ફટિક	લીલુ સ્ફટીક મણી
પરિક્ષેપ	હારબંધ		
વિરલ	જુદી જુંદી	શૃગાળ	શીયાળ
કુટીલ	વાંકી	નિરંતર	હમેશ
શુષ્ક	સુકેલ	અગ્રભાગ	આગળનો ભાગ
ઉન્નત	ઉંચી	વેતસ	નેતર

શબ્દ	અર્થ.	શબ્દ.	અર્થ
કર્ણિકા	કમળનોવચલો ભાગ	ભાજન	સ્થાન
પ્રાસાદ	મહેલ	દુ:શીલા	ખરાબ ચાલની
યશોવાદ	જશ કીર્તિ	ધૂર્ત	કપટી, શઠ
ઉજવલ	સફેદ	વીકળ	ગાડા જેવો
વિકાશી	પ્રકાશીત	કુબડી	બેડોળ ચહેરો
ભૂષિત	શોભિત	ગુલ્ફ	ઘુટી
સંકુચાયેલ	સકડાઈ ગયેલ	ગુલ્મ	એક જાતનો રોગ
લોચન	ચક્ષુ		
પ્રીયાલાપ	મધુર આલાપ		

દેવ વિનોદ.

પંન્યાસજી શ્રી દેવવિજયજી મહારાજે અવલોકન કીધેલાં શાસ્ત્રોમાથી જનહિતાર્થે ઉપયોગી થઇ પડે તેવી કેટલીક બાબતોનું ટાંચણુ પોતાની નોંધપોથીમા કરી રાખેલ તે દેવવિનોદમા પ્રસિદ્ધ કરવામા આવેછે

ચોવિશ તિર્થંકરોના સ્તવનો, ગંહુલી સંગ્રહ અને અધ્યાત્મીક પદો, તે ઉપરાંત ધ્યાન વિચાર—જેમાં ધ્યાન કેમ કરવુ ને કોનુ કરવુ જેપર નાની નાની કથાઓ આપી વિષયને અતિ રસીક બનાવેલ છે

સ્વરોદય વિચાર—ચદ્ર, સૂર્ય નાડી સબધી જ્ઞાન તથા કઇ નાસીકામાથી પવન ચાલે ત્યારે કયા કયા કાર્ય કરવા તેપર સપૂર્ણ વિગત આપી છે તે ઉપરાત પાચ તત્ત્વ—વિચાર, મુહુર્ત-વિચાર, પ્રશ્ન વિચાર, ગમન વિચાર, પ્રાણાયામ વિચાર, રોગશાતિ વિચાર, જીવરાશી વિચાર, કુંભસ્થાપના વિચાર, દિક્ષાવિચાર, યોગફલ વિચાર, વેશીયોગ વિચાર મરણવિચાર, કેવા નક્ષત્રના સયોગે વરસાદ કેવો થાય તે,છીંક વિચાર, એવી રીતે લગભગ ૩૧ પ્રકરણોનો સમાવેશ છે, સાધારણ રીતે દરરોજ બનતા બનવોના શુભાશુભ ફળનાં વિચારો દર્શાવ્યા છે કીં. રૂ. ૧—૦—૦ ટપાલ ખર્ચ અલગ

શ્રી વિજયકમળ કેશર ગ્રન્થમાળાનાં સ્થાયી ગ્રાહકોના નિયમો.

ઉદ્દેશ—હિન્દની ભૂમિ એની એ છે, જૈન ધર્મ અને અન્ય ધર્મો પણ એના એ છે, આકાશમા સૂર્ય અને ચંદ્ર પણ એના એ છે, છતાં એ ભારત વર્ષમા કળી-કાળનો કહેર સર્વત્ર દેખાય છે દિનપ્રતિદિન દેશની, જાતની, ધર્મની અધમ દશા થતી જાય છે તેનુ કારણુ ચારે બાજુથી વિદ્વાનો શોધી રહ્યા છે, ને શોધતા શોધતા એક તો એ વાતની ખબર પડતી ગઇ કે નૈતિક શિક્ષણુની ખામીને લઇને આ દશા ઉપસ્થિત થઇ છે માટે પ્રજાને ચારિત્રવાન બનાવે એવા સાહિત્યની ખાસ જરૂર છે આ ઉદ્દેશ લક્ષમા રાખી અમારા તરફથી એક ગ્રન્થમાળાની યોજના કીધી છે ને તેમા પ્રજાને ચારિત્રવાન બનાવે, તે-મનામા નવચેતન સ્ફુરે, એવા ધર્મના નૈતિક અને તત્વજ્ઞાનના ગ્રન્થો ગ્રન્થમાળાના ગ્રાહકોની સેવામા રજુ કરવામા આવશે પુસ્તકો જેમ બને તેમ સ-ચિત્ર, દેખાવડા, કળાવત, શુશોભિત અને સસ્તા બનાવવામા પુરતું લક્ષ આપવામાં આવશે, આ યો-જના સફળ થયે પુસ્તકોને જેમ બને તેમ વધારે

સસ્તા કરવા ઈચ્છા છે, પણ એ સઘળો આધાર ગ્રાહકોપર છે.

૧ રૂપીઓ એક પ્રવેશ ફી આપવાથી આ ગ્રન્થમાળાના સ્થાયી ગ્રાહક થઇ શકાય છે.

૨ સ્થાયી ગ્રાહકોને ગ્રન્થમાળાના સર્વ પુસ્તકોપર ૬ર્ટ્ટ સવાછ ટકા કમીશન આપવામા આવશે.

૩ ગ્રન્થમાળાના પુસ્તકો બ્હાર પડયેથી ટપાલદ્વારા ખબર આપવામા આવશે

૪ કોઈપણ કારણ વિના વી પી પાછુ ઠેલનારને ગ્રન્થ-માળાની ગ્રાહક શ્રેણીમાથી કમી કરવામા આવશે પરંતુ યોગ્ય કારણ હશે તો આગલો ટપાલ ખર્ચ વસુલ કરી ગ્રાહકશ્રણીમા કાયમ કરવામા આવશે

૫ **ખાસ લાભ** અમારે ત્યા રાષ્ટ્રીય પુસ્તકો વેચાય છે તેમાથી એકી સાથે પાચ રૂપીયાના પુસ્તક ખરીદનારને (જો ગ્રન્થમાળાનો ગ્રાહક હશે તો) ૬ર્ટ્ટ ટકા વળતર કાપી આપશુ

શ્રીમદ્ યોગનિષ્ઠ પન્યાસજી મહારાજશ્રી કેશરવિજયજી ગણિશ્રીનાં રચિત પુસ્તકો હાલમાં કોઈ સ્થળે વેચાતા પણ મળી શકતા નથી અને જનસમાજ તરફથી તો માગણીઓ

આવ્યાજ કરે છે, તે માંગણીઓને પહોંચી વળવા ખાતર અને મહારાજશ્રીના બધા પુસ્તકો પ્રસિદ્ધ કરી શકાય તે ખાતર પુસ્તકો તદન પડતર કીંમતેજ વેચવામા આવશે જેની અંદર બુકસેલરોને આપવુ પડતું કમીશન અને જાહેર ખબર કરવા જેટલો ફાળો ઉમેરી પુસ્તકોની કીંમત રાખવામા આવશે પુસ્તકો જેમ જેમ વિક્રય થતા જશે અને નાણા એકઠા થતા જશે તેમ તેમ આ પુસ્તકના પેઇજ ૪ મા દર્શાવેલા પુસ્તકોને એક પછી એક છપાવવાનુ કામ હાથ પર લે-વામા આવશે, ને જેની કીંમત જેમ બનશે તેમ પ્રજાને રૂચીકરજ રહેશે.

આ ગ્રન્થમાળામા, મહારાજશ્રીએ લખેલા પુસ્તકો ઉપરાત ધર્મ અને તત્ત્વજ્ઞાનના, યોગ, અને ફિલોસોફી ઉપરના, તેમજ પ્રજાને ધૈર્યવાન બનાવી નવચેતન પ્રેરે એવા અન્ય વિદ્વાનો અને લેખકોના પુસ્તકો રજુ કરવામા આવશે

છેવટે ધનિકો પ્રત્યે અમારી નમ્ર વિનતિ એ છે કે આવા પુસ્તકો જેમ બને તેમ સસ્તે ભાવે ફેલાવી શકાય તે ખાતર પોતાનો ઉદાર હાથ જરૂર લંબાવશે અને ગ્રન્થમાળાના ગ્રાહકો પ્રત્યે પણ અમારી નમ્ર અરજ છે કે ગ્રન્થમાળાના ગ્રાહકોએ પોતા તરફથી એકેક ગ્રાહક વધારી જરૂર સહાય-ભૂત થશે.

આજની તક ગુમાવતા નહિ આજેજ નીચેનાં સરનામે રૂપીઓ એક મોકલાવી ગ્રન્થમાળાના ગ્રાહક તરીકે નામ નોંધાવશો

પાયધુની, ટ્રામ જંકશન, મુંબઇ નં. ૩ } લી સેવકો, વર્ધમાન એન્ડ સન્સ.

બાબુ અરવિન્દ ઘોષ કૃત બે અમુલ્ય ગ્રન્થો.

૧ પુર્ણ યોગ-પ્રથમ ખંડ-કર્મયોગ, ૨-પુર્ણયોગ દ્વિતિય ખંડ-જ્ઞાનયોગ, શ્રી અરવિન્દ ઘોસની યોગ પ્રણાલીકાનાં અદ્‌ભૂત અને કેવળ નવીન વિચારોથી ભરપૂર ગ્રન્થો. આર્યાવર્તની સંસ્કૃતિમાં અધ્યાત્મિકતા પ્રધાન છે, તેના પાયાપર ધર્મ, સમાજ, રાજ્ય, કુટુંબ, વ્યાપાર વિગેરેનો આધાર બતાવ્યો છે

તત્વજ્ઞાનના હરેક અભ્યાસીને આ પુસ્તકો અતિ ઉપયોગી અને માર્ગદર્શક થઈ પડે તેવા છે.